

નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752

NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 293
Dt.: 29-08-2025, Friday
Page:04
Rs.00.50 paisa



EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com


### આ હુમલામાં ૧૪થી વધુ લોકોએ ગુમાવ્યો જીવ

# રશિયાનો યુક્રેન ઉપર ૬૨૯ મિસાઈલો અને ડ્રોનથી હુમલો

**આ હુમલામાં અનેક રહેણાંક ઈમારતો અને ઑફિસ સેન્ટર્સને નુકસાન થયું છે, જેમાં યુક્રેનમાં યુરોપિયન યુનિયનના પ્રતિનિધિમંડળની ઈમારત સામેલ**

(સંપૂર્ણ સમાચાર સેવા)કિવ,
રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને લગભગ ચાર વર્ષ થઈ ગયા છે, છતાં કોઈ પક્ષ પીછેહઠ કરવા તૈયાર નથી.

તાજેતરમાં, રશિયાએ યુક્રેનની રાજધાની કિવ પર મોટો હુમલો કર્યો છે. યુક્રેનનો દાવો છે કે આ હુમલામાં ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે અને ૪૮ લોકો ઘાયલ થયા છે, જેમાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે. આ હુમલામાં અનેક રહેણાંક ઈમારતો અને ઑફિસ સેન્ટર્સને નુકસાન થયું છે, જેમાં યુક્રેનમાં યુરોપિયન યુનિયન(EU)ના પ્રતિનિધિમંડળની ઈમારત પણ સામેલ છે.

આ હુમલાની યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કીએ સખત નિંદા કરી છે. તેમણે કહ્યું કે આ હુમલા માટે માત્ર યુરોપીયન યુનિયન જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ દ્વારા નિંદા થવી જોઈએ. તેમણે રશિયા પર નવા અને કડક પ્રતિબંધો લાદવાની પણ માંગ કરી. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનએ પણ આ હુમલાની નિંદા કરતાં કહ્યું કે રશિયાએ એક જ રાતમાં ૬૨૯ મિસાઈલો અને ડ્રોન છોડ્યા, જે આતંક અને બર્બરતા દર્શાવે છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો છે કે, અમે અમારા તમામ લક્ષ્યો હાંસલ કરી લીધા છે. અમે હુમલો કરવા માટે હાઈપરસોનિક કિંજલ મિસાઈલ, ડ્રોનનો ઉપયોગ કર્યો છે. રશિયા યુક્રેન પર હુમલા કરવાનું ચાલુ રાખશે કારણ કે યુક્રેન પણ રશિયાના રહેણાંક વિસ્તારોને ટાર્ગેટ કરી રહ્યું છે.' જોકે, રશિયાએ એ પણ કહ્યું કે તે રાજકારણ અને કૂટનીતિ દ્વારા પોતાના લક્ષ્યો હાંસલ કરવા માટે હજુ પણ વાતચીત માટે તૈયાર છે.

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક આંતરરાષ્ટ્રીય નેતાઓએ યુદ્ધ સમાપ્ત કરવાના પ્રયાસો કર્યા છે. તાજેતરમાં, ટ્રમ્પે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ત્યારબાદ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે મુલાકાત કરી હતી, પરંતુ આ બંને બેઠકો નિષ્ફળ રહી અને યુદ્ધ સમાપ્ત કરવા માટે કોઈ નક્કર નિર્ણય લઈ શકાયો નહીં.

### કર્ણાટકના મેંગલોરમાં મોટી દુર્ઘટના

# બસ સ્ટેન્ડ સાથે બસ ટકરાતા પાંચ લોકોના મોત, ૭ને ઈજા

**કાસરગોડથી મેંગલુરુ જઈ રહેલી કર્ણાટક સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસની બ્રેક ફેલ થતાં તે બસ સ્ટેનમાં ઘૂસી ગઈ**

(સંપૂર્ણ સમાચાર સેવા)મેંગલોર
કર્ણાટકના મેંગલોર શહેરમાં આજે (૨૮ ઓગસ્ટ) ભયાનક અકસ્માત સર્જાયો છે.

અહીં કાસરગોડથી મેંગલુરુ જઈ રહેલી કર્ણાટક સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (KSRTC)ની બસની બ્રેક ફેલ થતાં તે બસ સ્ટેનમાં ઘૂસી ગઈ છે, જેમાં એક જ પરિવારના પાંચ સભ્યોનાં કમકમાટીભર્યાં મોત થયાં છે, જ્યારે સાત લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

બપોરે બનેલી આ ઘટનામાં બસ સ્ટેન્ડમાં રાહ જોઈ રહેલા ચાર લોકોનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું છે. મૃતકોમાં એક જ પરિવારના ત્રણ મહિલા અને એક પુરુષનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એક બાળક પણ આ અકસ્માતનો ભોગ બન્યું અને તેણે પણ જીવ ગુમાવ્યો. મળતી માહિતી મુજબ, કેટલાક મૃતકો બસ સ્ટેન્ડ પાસે એક ઓટો રિક્ષામાં બેઠા હતા. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા અન્ય સાત લોકોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કેટલાકની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. સ્થાનિક પોલીસ અને રાહત ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસ મુજબ, આ દુર્ઘટના બસની બ્રેક ફેલ થવાને કારણે થઈ હોવાનું મનાય છે. બસ ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને તે સીધી બસ સ્ટેન્ડમાં ઘૂસી ગઈ હતી. આ ઘટનાની વિગતવાર તપાસ ચાલી રહી છે, અને પોલીસ અકસ્માત પાછળના ચોક્કસ કારણો જાણવા પ્રયાસ કરી રહી છે. અધિકારીઓએ ખાતરી આપી છે કે બેદરકારી બદલ જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ઉત્તરાખંડના હલ્દ્વાનીમાં ૪૦ બાળકોને લઈ જતી સ્કૂલ બસ નાળામાં ખાબકી, ૧૨થી વધુ બાળકોને ગંભીર ઈજા

(સંપૂર્ણ સમાચાર સેવા)હલ્દ્વાની
ઉત્તરાખંડના હલ્દ્વાનીના જયપુર બીસા ગામમાં આજે ગુરૂવારે ભયાવહ અકસ્માત સર્જાયો છે. એક ખાનગી સ્કૂલની બસ બેકાબૂ બનતાં નાળામાં ખાબકી હતી. જેમાં ૪૦ વિદ્યાર્થીઓ સવાર હતા. ૧૨થી વધુ બાળકોને ઈજા થઈ છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બસ ડ્રાઈવર અને કંડક્ટરને ગંભીર ઈજા થઈ છે.સ્થાનિક લોકોએ અકસ્માત બનતાં તુરંત જ બચાવ કામગીરી હાથ ધરી હતી. બસનો કાચ તોડી તમામ વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં ૧૨થી વધુ બાળકો ઘાયલ થયા હતા.

આ દુર્ઘટના હલ્દ્વાનીમાં બરેલી રોડ પર સ્થિત જયપુર બીસા ગામમાં બની હતી. આ બસ રામપુર રોડથી બાળકોને શાળાએ લઈ જઈ રહી હતી. ત્યાં બે બસ ચાર રસ્તા નજીક સાઈડ લઈ રહી હતી, તે દરમિયાન બસ રોડ પરથી ઉતરી જતાં નાળામાં ખાબકી હતી. સ્થાનિકો અને પ્રત્યક્ષદર્શીઓએ તુરંત બચાવ કામગીરી હાથ ધરી હતી. તેમજ પોલીસને પણ અકસ્માતની જાણ કરી હતી. ગામના સરપંચ રમેશ ચંદ્ર જોષીએ આ અકસ્માત માટે બસ ડ્રાઈવરની બેદરકારીને જવાબદાર ઠેરવી છે. તેમણે કહ્યું કે, બસમાં આશરે ૪૦ બાળકો સવાર હતા, જેમાંથી ૧૨થી વધુ ઘાયલ થયા છે. આ ક્ષેત્રમાં બસ ડ્રાઈવર અવારનવાર નશાની હાલતમાં ગાડી ચલાવે છે.

### ટ્રમ્પના ટેરિફ વોર વચ્ચે ભારતનો વધુ એક નિર્ણય

# કોટન પર ૩ મહિના સુધી નહીં લાગે ડ્યુટી

**ભારત સરકારે કોટનની ડ્યુટી-ફ્રી ઈમ્પોર્ટને ૩ મહિના એટલે કે, ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવી દીધી છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી
ટ્રમ્પના ટેરિફ બોમ્બ વચ્ચે ભારત સરકારે વધુ એક મોટો નિર્ણય લીધો છે. ભારત સરકારે કોટનની ડ્યુટી-ફ્રી ઈમ્પોર્ટને ૩ મહિના એટલે કે, ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવી દીધી છે. અમેરિકા દ્વારા લાદવામાં આવેલા મસમોટા ટેરિફ બાદ સરકારે આ નિર્ણય લીધો છે. અમેરિકાએ ભારતમાંથી આયાત થતા કપડા પર ૫૦% ટેરિફ લગાવી દીધો છે. આના કારણે ભારતીય ટેક્સટાઈલ અને ટેક્સટાઈલ ઉદ્યોગ પર ખર્ચ અને નિકાસ સ્પર્ધાત્મકતાનું દબાણ વધી ગયુ છે. અમેરિકાએ ભારતમાંથી આવતા ઉત્પાદનો પર વધારાની ડ્યુટી લાદી છે. તેનું કારણ ભારત દ્વારા રશિયન તેલ ખરીદવાનો અને અમેરિકન ઉત્પાદનો માટે બજાર ખોલવાનો ઈનકાર હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ભારત સરકારનું માનવું છે કે ડ્યુટી-ફ્રી કોટન ઈમ્પોર્ટથી સ્થાનિક ઉદ્યોગને ઓછા ખર્ચે કાચો માલ મળશે. આનાથી અમેરિકન ટેરિફની અસરને અમુક અંશે સંતુલિત કરી શકાશે. રિપોર્ટ પ્રમાણે ભારતની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી લગભગ ૩૫૦ અબજ ડોલરનો છે અને તે કૃષિ પછી બીજા ક્રમનો સૌથી મોટો રોજગાર આપતો ઉદ્યોગ છે. આમાં ૪.૫ કરોડથી વધુ લોકો આ સેક્ટર સાથે સીધા સંકળાયેલા છે. ભારતે ૨૦૨૩-૨૪માં ૩૪.૪ બિલિયન ડોલરના કાપડની નિકાસ કરી હતી, પરંતુ અમેરિકન ટેરિફથી નિકાસને મોટો ઝટકો મળી શકે છે. જોકે, ડ્યુટી-ફ્રી કોટન આયાતથી કાપડ મિલોના ખર્ચમાં ઘટાડો થશે. યાર્ન અને કાપડ સસ્તા થશે. ભારત વૈશ્વિક બજારમાં સ્પર્ધા જાળવી શકશે.

ભારતનું આ પગલું માત્ર આર્થિક જ નહીં પણ વ્યૂહાત્મક પણ છે. તે દર્શાવે છે કે ભારત અમેરિકન દબાણ છતાં પોતાના ઉદ્યોગને સુરક્ષિત રાખવા માટે પગલાં લઈ રહ્યું છે. આ સાથે જ તે એક સંદેશ પણ છે કે ભારત નવા નિકાસ બજારો (બ્રિટન, જાપાન, યુરોપ, એશિયા) તરફ ઝુકી રહ્યું છે. આ સંદર્ભમાં સરકારે વિશ્વના ૪૦ દેશોમાં ટેક્સટાઈલ પ્રોડક્ટની નિકાસ કરવાનો નિર્ણય લીધો છે. આ માટે ભારતે દરેક દેશ માટે એક અલગ યોજના તૈયાર કરી છે.

### પાઈલટે પેરાશૂટની મદદથી વિમાનમાંથી કૂદવું પડ્યું

# અલાસ્કામાં યુએસ એરફોર્સનું એક F-35 જેટ ક્રેશ થયું

**વિમાનમાં રહેલી ખામીને ઠીક કરવા પાયલોટે લોકહીડ માર્ટિનના પાંચ એન્જિનિયરો સાથે હવામાં કોન્ફરન્સ કોલ કર્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન
અમેરિકા તેના F-35 ફાઈટર જેટ પર ગર્વ કરે છે અને તેને વિશ્વનું સૌથી અદ્યતન ફાઈટર જેટ કહે છે. પરંતુ તાજેતરની ઘટનાઓએ આ જેટ વિશે વિશ્વભરમાં આશ્ચર્ય પેદા કર્યું છે. તાજેતરના સમાચાર અનુસાર, યુએસ એરફોર્સનું એક F-35 જેટ અલાસ્કામાં ક્રેશ થયું હતું. અકસ્માત પહેલા પાઈલટે વિમાનને બચાવવા માટે શક્ય તેટલા પ્રયાસો કર્યા. વિમાનમાં રહેલી ખામીને સુધારવા માટે પાયલોટે લોકહીડ માર્ટિનના પાંચ એન્જિનિયરો સાથે ૫૦ મિનિટ સુધી હવામાં કોન્ફરન્સ કોલ કર્યો. જ્યારે આ પ્રયાસ નિષ્ફળ ગયો, ત્યારે પાઈલટે પેરાશૂટની મદદથી વિમાનમાંથી કૂદવું પડ્યું. આ પછી જેટ અલાસ્કામાં રનવે પર ક્રેશ થયું. અકસ્માતનું કારણ જેટના હાઈડ્રોલિક સિસ્ટમમાં બરફનું જામી હગયો હોવાનું કહેવાય છે, જેના કારણે લેન્ડિંગ ગિયર જામ થઈ ગયો. ઉડાન ભરતાની સાથે જ પાયલોટે ગિયર પાછો ખેંચવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે ડાબી બાજુ ફસાઈ ગયો. ફરીથી ગિયર નીચે કરવાનો પ્રયાસ પણ નિષ્ફળ ગયો. જેટના સેન્સરે ખોટો સંકેત આપ્યો કે વિમાન જમીન પર ઉતરી ગયું છે, જેના કારણે જેટ નિયંત્રણ બહાર થઈ ગયું. પાયલોટે હવામાં જ એન્જિનિયરો સાથે કોન્ફરન્સ કોલ શરૂ કર્યો અને લગભગ ૫૦ મિનિટ સુધી ખામી સુધારવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન જામ થયેલા ગિયરને સુધારવા માટે બે 'ટચ એન્ડ ગો' લેન્ડિંગનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ બંને વખત નિષ્ફળ ગયા.


આખરે, સેન્સરમાંથી ખોટા સિગ્નલોને કારણે જેટ સંપૂર્ણપણે બેકાબૂ બની ગયું અને પાઈલટે પેરાશૂટ સાથે કૂદકો મારવો પડ્યો.

અકસ્માત પછી, જેટ રનવે પર પડ્યું અને સળગવા લાગ્યું. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં, જેટ ફરતું અને આગના ગોળામાં ફેરવાતું જોવા મળ્યું. વાયુસેનાની તપાસમાં બહાર આવ્યું છે કે જેટના આગળના અને જમણા લેન્ડિંગ ગિયરના હાઈડ્રોલિકમાં એક તૃતીયાંશ પાણી હતું, જે -૧૮ ડિગ્રી સેલ્સિયસની ઠંડીમાં થીજી ગયું. આ બરફને કારણે ગિયર જામ થઈ ગયો. આશ્ચર્યજનક રીતે અકસ્માતના નવ દિવસ પછી આ જ બેઝ પરના બીજા જેટને પણ 'હાઈડ્રોલિક આઈસિંગ'ની સમસ્યાનો સામનો કરવો પડ્યો, જોકે તે સુરક્ષિત રીતે ઉતર્યું. તપાસમાં સ્પષ્ટ થયું કે કોલ દરમિયાન લેવામાં આવેલા નિર્ણયો અને ખતરનાક સામગ્રીના સંચાલનમાં બેદરકારી આ અકસ્માતના મુખ્ય કારણો હતા.

## ટ્રમ્પના આદેશના પાંચ જ કલાકમાં મોદીએ પાક. સાથે યુદ્ધ રોક્યુંઃ રાહુલ

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા
લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી હાલ બિહારમાં મતદાર અધિકાર યાત્રા કાઢી રહ્યા છે. તેમની આ રેલી મુઝફ્ફરપુર પહોંચી હતી જ્યાં ઈન્ડિયા ગઠબંધનના એમ. કે. સ્ટાલિન, આરજેડીના તેજસ્વી યાદવ સહિત અન્ય પક્ષના નેતાઓ જોડાયા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ પાકિસ્તાન અને ભારત વચ્ચે શસ્ત્ર વિરામને લઈને વડાપ્રધાન મોદી પર પ્રહાર કર્યા હતા અને દાવો કર્યો હતો કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શસ્ત્ર વિરામ કરવા આદેશ આપ્યા તેના પાંચ જ કલાકમાં મોદીએ પાકિસ્તાન સાથેનું યુદ્ધ અટકાવી દીધુ હતું.

બિહારના મુઝફ્ફરપુરમાં રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે શું તમે લોકો જાણો છો કે ટ્રમ્પે આજે શું કહ્યું છે? ટ્રમ્પે કહ્યું છે કે જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે મે મહિનામાં ઘર્ષણ ચાલી રહ્યું હતું, યુદ્ધની સ્થિતિ હતી ત્યારે મે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરીને કહ્યું કે ભારત પાકિસ્તાન સાથેનું યુદ્ધ અટકાવે, મે મોદીને ૨૪ કલાકનો સમય આપ્યો છે.

# તંત્રી લેખ......

## ટ્રમ્પના ટેરિફ દબાણ વચ્ચે ભારતનું અર્થતંત્ર વેગવાન

ભારત પર અમેરિકાએ ૫૦ ટકા ટેરિફ લાદી દબાણ બનાવવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ તે સફળ નહીં થાય. ભારત ૨૦૩૮ સુધીમાં વિશ્વનું બીજુ ટોચનું અર્થતંત્ર બનવાનો દાવો ઈવાય રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. ભારતનો જીડીપી ૨૦૩૮ સુધીમાં ૩૪.૨ લાખ કરોડ ડોલર નોંધાશે.

ઈવાય દ્વારા ઓગસ્ટમાં જાહેર ઈકોનોમી વોચ રિપોર્ટ અનુસાર, ભારતનો ગ્રોથ ફક્ત વસ્તી વિષયક માહિતી સુધી જ નહીં પરંતુ માળખાકીય સુધારાઓ અને સ્થિતિસ્થાપક મૂળભૂત બાબતોમાં પણ મજબૂત બન્યો છે. તમામ પડકારોનો સામનો કરતાં ભારત હાલ વિશ્વની ચોથી ટોચની અર્થવ્યવસ્થા બન્યું છે. મજબૂત આર્થિક પાયા સાથે દેશ ઝડપથી વિકાસ સાધી રહ્યો છે. ટેરિફમાં પ્રેશર અને મંદ વેપાર જેવા વૈશ્વિક પડકારો હોવા છતાં સ્થાનિક માગમાં વધારો અને આધુનિક ટેક્નોલોજીની વધતી ક્ષમતાઓના કારણે ભારતનું અર્થતંત્ર મજબૂત છે. આગામી પાંચ વર્ષમાં ભારતનો જીડીપી ૨૦.૭ લાખ કરોડે આંબશે. ઈવાય રિપોર્ટ અનુસાર, અમેરિકા, ચીન, જર્મની અને જાપાનની તુલનાએ ભારતની આર્થિક સ્થિતિ સારી છે. ચીન ૨૦૩૦ સુધીમાં અંદાજિત ૪૨.૨ લાખ કરોડ ડોલરનો જીડીપી હાંસલ કરી શકે છે. જો કે, વૃદ્ધોની વધતી વસ્તી અને વધતુ દેવું તેના માટે પડકારરૂપ બની શકે છે. અમેરિકાએ ટેરિફ લાદતાં અમેરિકા પર મોંઘવારીનો બોજો વધશે. જેથી તેની જીડીપી મંદ રહેવાની ભીતિ છે. જર્મની અને જાપાન પણ વિકસિત છે. પરંતુ તે મુખ્યત્વે વૈશ્વિક વેપાર પર નિર્ભરતા ધરાવે છે. જ્યારે ભારતની પાસે વિવિધ ક્ષેત્રે અઢળક ક્ષમતા જોવા મળી છે. તેની વધતી યુવા વસ્તી, સ્થાનિક માગ અને ટકાઉ રાજકોષિય આઉટલૂકના કારણે જીડીપી ગ્રોથ વધશે. સ્થાનિક માગની સાથે સાથે સ્થાનિક ઉત્પાદનને પણ વેગ અપાઈ રહ્યો છે. જે જીડીપીને ટેકો આપશે. ઈવાય ઈન્ડિયાના ચીફ સ્ટ્રેટેજિસ્ટ એડવાઈઝર ડીકે શ્રીવાસ્તવે જણાવ્યું કે, ભારતની તુલનાત્મક ક્ષમતાઓ, યુવા વસ્તી અને કુશળ કાર્યબળની સાથે સાથે મજબૂત બચત અને રોકાણ દેશના ગ્રોથમાં વધારો કરશે. ટેક્નોલોજીની ઉન્નત ક્ષમતાઓનું નિર્માણ કરતાં ૨૦૪૭ સુધીમાં ભારત પોતાની વિકસિત અર્થતંત્રની મહત્ત્વાકાંક્ષા હાંસલ કરી શકે છે. વિવિધ રેટિંગ એજન્સીઓ દ્વારા ભારતના અર્થતંત્ર પર આપવામાં આવેલા રિપોર્ટ અનુસાર, ભારતની અર્થવ્યવસ્થા વેગવાન બની છે. હાલ તે અમેરિકા, ચીન, જાપાન બાદ ચોથી ટોચની ઈકોનોમી છે. આગામી ત્રણ-ચાર વર્ષમાં તે વિશ્વની ત્રીજી ટોચની ઈકોનોમી બનશે. ટેક્નોલોજી, ફાઈનાન્સ, સંરક્ષણ અને કન્ઝ્યુમર માર્કેટમાં તેની પકડ મજબૂત છે. બીજી તરફ ચીન અમેરિકાને આકરી ટક્કર આપવા સક્ષમ છે. તે પોતાની મેન્યુફેક્ચરિંગ, નિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણ ક્ષમતાઓના માધ્યમથી આગામી વર્ષોમાં વિશ્વની મહાસત્તા ધરાવતું અર્થતંત્ર બની શકે છે.

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સ કાર્યક્રમનું લોન્ચિંગ કર્યું :ઉદ્યોગ મંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિ

# વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની જ્વલંત સફળતાને પગલે ગુજરાતની વધુ એક નવતર પહેલ વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ

## રાજ્યના દરેક પ્રદેશની ઔદ્યોગિક - આર્થિક ક્ષમતા અને રોકાણો માટેની સજ્જતાનું પ્લેટફોર્મ વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ બનશે




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ૨૦૦૩થી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટથી ગુજરાત ગ્લોબલ ઈન્ડસ્ટ્રીયલ મેપ પર અગ્રેસર બન્યું છે. એટલું જ નહીં, વિશ્વભરના ઉદ્યોગ-રોકાણકારો માટે ગેટ-વે ટુ ધી ફ્યુચરની વિશેષ ઓળખ ગુજરાતે ઊભી કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, ગુજરાતની આ ઈમેજને વોકલ ફોર લોકલથી વધુ ઉજાગર કરવા અને વિકાસનો લાભ રાજ્યના દરેક ખૂણે પહોંચાડવાની નવી પહેલ વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સના આયોજનથી આપણે કરવી છે.

મુખ્યમંત્રીશ્રી આ વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સના લોન્ચ કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા. તેમણે કોન્ફરન્સના લોગો, વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશનનું લોન્ચિંગ પણ ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂત અને કૃષિ મંત્રી રાઘવજી પટેલ તથા રાજ્ય મંત્રી શ્રી ભીખૂ સિંહ પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં કર્યું હતું.

રાજ્યના દરેક પ્રદેશની ઔદ્યોગિક, આર્થિક સ્ટ્રેન્થ અને રોકાણોની રેડીનેસની સજ્જતાનું પ્લેટફોર્મ બનનારી આ વાઈબ્રન્ટ રિજિયોનલ કોન્ફરન્સની પ્રથમ કોન્ફરન્સ આગામી ૯, ૧૦ ઓક્ટોબરે મહેસાણા જિલ્લામાં યોજાવાની છે. ત્યારબાદ સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત વિસ્તારોમાં આવી રિજિયોનલ કોન્ફરન્સનું આયોજન થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાતના દરેક પ્રદેશની આગવી પ્રોડક્ટ અને ઓળખ છે અને વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટની વિશેષ સ્ટ્રેન્થ પણ છે. કેટલાક જિલ્લાઓ તો એવું પોટેન્શિયલ ધરાવે છે કે દેશના અન્ય રાજ્યો કરતા પણ અનેક ગણું વધારે ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટ અને પ્રોડક્શન આ જિલ્લાઓમાં છે.

તેમણે એમ પણ જણાવ્યું કે, ગુજરાત કૃષિ, મત્સ્યોદ્યોગ, ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ-પેટ્રો કેમિકલ, જેમ્સ-જ્વેલરી, એન્જિનિયરિંગ, ફાર્મા અને ટેક્સટાઈલ જેવા પરંપરાગત ક્ષેત્રોમાં હંમેશા અગ્રેસર રહ્યું છે. વડાપ્રધાનશ્રીના દિશા દર્શનમાં હવે ગુજરાતને નવા ઉભરતા અને ફ્યુચરિસ્ટિક સેક્ટર્સ સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રીક મોબિલિટી, એરોસ્પેસ, ડિફેન્સ, ગ્રીન એનર્જીમાં આત્મનિર્ભરતા સાથે લીડર બનાવવાનું છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રીનો સ્પષ્ટ નિર્ધાર છે કે, આપણે એવું રાષ્ટ્ર-રાજ્ય બનાવવું છે જ્યાં ટેકનોલોજી, ઈનોવેશન, સ્ટાર્ટઅપ, રીસર્ચ, પ્રોડક્શન દરેક ક્ષેત્રે સ્વદેશીને પ્રાધાન્ય હોય. સ્વદેશી અને આત્માનિર્ભરતાને પ્રમોટ કરવા વડાપ્રધાનશ્રીએ વોકલ ફોર લોકલ અને લોકલ ફોર ગ્લોબલનો મંત્ર આપ્યો છે. વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોલ કોન્ફરન્સ આ મંત્રને સાકાર કરશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો.

તેમણે એમ પણ જણાવ્યું કે, ગુજરાતમાં જે ઉદ્યોગ આવે તે જે જિલ્લાઓમાં ઔદ્યોગિક વિકાસની વિશેષતાઓ છે ત્યાં સ્થપાય તે માટેના પ્રયાસોમાં આ રિજિયોનલ કોન્ફરન્સ પરિણામદાયી બનશે.

એટલું જ નહીં, ક્વોલીટી પ્રોડક્ટથી તે જિલ્લાની બ્રાન્ડ ઈમેજ ઊભી થશે અને વિકાસનો સાચો લાભ રાજ્યના દરેક ખૂણે પહોંચતા સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસનો ધ્યેય પાર પડશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વાયબ્રન્ટ સમિટથી વડાપ્રધાનશ્રીએ રાજ્યના ઉદ્યોગો અને અર્થતંત્ર વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરે તેવી જે નેમ રાખી હતી તે આ સમિટની ઉત્તરોત્તર સફળતાથી પાર પડી છે અને ગુજરાત આજે વિશ્વના અનેક મોટા ઉદ્યોગ ગૃહોનું કેન્દ્ર અને હબ બન્યું છે. મોટા ઉદ્યોગો આવવાથી તેને અનુરૂપ નાના ઉદ્યોગો અને એમ.એસ.એમ.ઈ. વિક્સ્યા છે અને એમ.એસ.એમ.ઈ. તો રાજ્યના ઔદ્યોગિક વિકાસનું બેક બોન બન્યું છે.

વાયબ્રન્ટ સમિટને પગલે જે ઉદ્યોગો અને રોકાણો ગુજરાતમાં આવે તેને જમીન મેળવવાથી લઈને ઉદ્યોગ શરૂ થવા સુધીની જરૂરી પરમિશન અને વ્યવસ્થાઓ પણ ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસથી રાજ્ય સરકારે સરળ બનાવી છે. અનેક રિફોર્મ્સ અને ૨૦થી વધુ પોલિસિઝ દ્વારા ગુજરાત પોલિસી ડ્રિવન અને પ્રો-એક્ટિવ ગવર્નન્સ સ્ટેટ બન્યું છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ.

વાયબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સની આ નવતર પહેલ રાજ્યના ઉદ્યોગોને વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ તથા લોકલ ફોર ગ્લોબલનું દિશાદર્શન કરાવવામાં માટેનું મહત્વનું પ્લેટફોર્મ બનશે તેવો વિશ્વાસ શ્રી ભૂપેન્દ્ર પટેલે વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, ગુજરાતમાં યોજાયેલી ગત વાઈબ્રન્ટ સમિટમાં ૪૫ હજાર કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું અને ૨૬૦૦થી વધારે એમોયુ થયા હતા. આ સફળ આયોજનના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં દરેક જિલ્લા અને તાલુકા તેમજ ગુજરાતના છેવાડાના માનવીને વાઈબ્રન્ટ ગુજરાત સાથે જોડી શકાય એ માટે ફરી એકવાર વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી બળવંતસિંહ રાજપૂતે વધુમાં ઉમેર્યું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી હતી. એ સમયે રાજ્યનું ઉત્પાદન ૧,૪૨,૦૦૦ કરોડ રૂપિયા હતું, જે આજે વધીને ૨૨ લાખ કરોડથી પણ વધુનું થયું છે. વર્ષ ૨૦૦૩ની સરખામણીએ માથાદીઠ આવક ૧૮,૩૯૨ રૂપિયાથી વધીને ૨,૭૩,૦૦૦ રૂપિયા થઈ છે. ઉત્પાદન ૪૪ હજાર કરોડ રૂપિયા હતું, તે ૬.૩૦ લાખ કરોડથી વધુ એટલે કે ૧૫ ગણું વધ્યું છે. એટલું જ નહીં, મેન્યુફેક્ચરિંગ આઉટપુટ પણ ૧,૪૮,૦૦૦ કરોડથી વધીને ૨૧ લાખ ૫૦ હજાર કરોડથી વધુનું થયું છે.

તેમણે વધુમાં કહ્યું કે આ વાઈબ્રન્ટ ગુજરાત સમિટને કારણે ગુજરાત રાજ્યમાં નાના ઉદ્યોગકારોની સંખ્યામાં પણ ઉતરોત્તર વધારો થયો છે. વર્ષ ૨૦૦૩માં નાના ઉદ્યોગકારોની સંખ્યા માત્ર દોઢ લાખ હતી, જે આજે વધીને ૨૧ લાખથી પણ વધારે છે. એટલું જ નહીં, વર્ષ ૨૦૦૩થી લઈને ૨૦૨૫ સુધીમાં ૫.૫૦ લાખ કરોડ રૂપિયાનું સીધું વિદેશી મૂડીરોકાણ ગુજરાતમાં આવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં ૧૦મી વાઈબ્રન્ટ સમિટમાં ૧૪૦થી વધુ દેશોના લોકોએ ભાગ લીધો. ૯૮ હજારથી વધુ લોકોએ એમઓયુ કર્યા અને ૪૫ હજારથી વધુ લોકોએ ગુજરાતમાં મૂડી રોકાણ કરવાનું નક્કી કર્યું. આ સાથે ૮૧ લાખ રોજગારીનું સર્જન થાય એ પ્રકારની વ્યવસ્થા ગુજરાતમાં થઈ, જેના કારણે ગુજરાતનો વિકાસ દિન પ્રતિદિન આગળ વધી રહ્યો છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ઉદ્યોગ વિભાગના અગ્રસચિવ શ્રીમતી મમતા વર્માએ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની પૂર્વભૂમિકા આપી હતી.

ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપે આગામી સમયમાં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની વિગતવાર માહિતી આપતાં જણાવ્યું કે આ સંમેલનોનો મુખ્ય ઉદેશ સ્થાનિક સ્તરે વિકાસની ગતિને વેગ આપવા, રોજગારીની તકો ઊભી કરવા અને દરેક પ્રદેશની વિશિષ્ટ ઓળખને ઉજાગર કરવાનો છે.

આ સંમેલનો રાજ્યના ચાર મુખ્ય પ્રાદેશિક કેન્દ્રોમાં યોજાશે. જેમાં ઉત્તર ગુજરાત માટે મહેસાણા (૯-૧૦ ઓક્ટોબર ૨૦૨૫), કચ્છ અને સૌરાષ્ટ્ર માટે રાજકોટ (૮-૯ જાન્યુઆરી ૨૦૨૬), દક્ષિણ ગુજરાત માટે સુરત (૯-૧૦ એપ્રિલ ૨૦૨૬) અને મધ્ય ગુજરાત માટે વડોદરા (૧૦-૧૧ જૂન ૨૦૨૬) નો સમાવેશ થાય છે. શ્રી સ્વરૂપે વધુમાં ઉમેર્યું કે આ સંમેલનો દ્વારા લોકો, ઉદ્યોગસાહસિકો, યુવાનો અને સ્થાનિક નેતૃત્વને એક મંચ પર લાવીને તેમની આકાંક્ષાઓને શાસનની નીતિઓ સાથે જોડવાનો પ્રયાસ થશે. ઉપરાંત, પરંપરાગત ક્ષેત્રો ઉપરાંત મૂલ્યવર્ધિત પાક ઉત્પાદન અને ગ્રીન એનર્જી જેવા ઉભરતાં ક્ષેત્રોમાં પણ નવી તકો ઊભી કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ.કે. દાસ, ખાણ વિભાગના કમિશનર શ્રી ધવલ પટેલ, જીઆઈડીસીના એમ.ડી. શ્રીમતી પ્રવીણા ડી.કે., ઈન્ડેક્ષ બીના જોઈન્ટ એમ.ડી. શ્રી કેયુર સંપત સહિત બહોળી સંખ્યામાં ઉદ્યોગ સંગઠનોના પ્રતિનિધિઓ, પદાધિકારીઓ-અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### પહલગામ આતંકી હુમલા પર NIAનો મોટો ખુલાસો

## ૩ આતંકી હતા, સ્થાનિકે મદદ માટે ખાલી ૩૦૦૦ રુપિયા લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

NIAની તપાસમાં ખુલાસો થયો છે કે પહલગામ આતંકી હુમલામાં ખાલી ૩ આતંકી હતા. તેમને આશરો આપનારા લોકોને ખાલી ૩૦૦૦ રૂપિયા આપ્યા હતા. બે સ્થાનિક મદદગારની ધરપકડ કરી છે. ડિજિટલ પુરાવાએ આ રહસ્ય ખોલ્યું છે. જમ્મુ કાશ્મીરના પહલગામ આતંકી હુમલાની તપાસમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ચોંકાવનારા રહસ્યો ખોલ્યા છે. તપાસ અનુસાર, આ હુમલો કરવા માટે ખાલી ત્રણ આતંકી આવ્યા હતા. આ આતંકીઓને સ્થાનિક સ્તર પર મદદ પણ મળી હતી. તેના માટે તેમને ખાલી ૩૦૦૦ રૂપિયા આપ્યા હતા.

NIA અધિકારીઓનું કહેવું છે કે હુમલાનો ઉદ્દેશ્ય વધુમાં વધુ ડર ફેલાવવાનો અને સુરક્ષાદળોની પ્રતિક્રિયામાં મોડું થવાનો ફાયદો ઉઠાવવાનો હતો. પહલગામને ટાર્ગેટ બનાવવા પાછળ આ પણ કારણ હતું કે તે વિસ્તાર શહેરથી દૂર, પર્યટકોથી ભરેલો અને અલગ જગ્યા છે.

તપાસ એજન્સી હવે આતંકી હાશિમ મૂસાની ભૂમિકાની પણ તપાસ કરી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હાશિમ હાલમાં ઘાટીમાં સક્રિય એક આતંકી ટોળકીનું નેતૃત્વ કરે છે. દ્રૈંછને શંકા છે કે આ હુમલાનું કાવતરું અને પ્લાનિંગમાં તેમની મહત્ત્વની ભૂમિકા હોઈ શકે છે.

NIAને આતંકીઓ પાસેથી કેટલાય ડિજિટલ ડિવાઈસ મળ્યા છે. તેની ફોરેન્સિક તપાસ થઈ રહી છે. આ ઉપરાંત ઘટનાસ્થળેથી મળેલી ખાલી કારતૂસ પણ તેના હથિયારો સાથે મેચ થયા છે. તેનો ઉપયોગ આતંકીઓએ કર્યો હતો. આ ટેકનિકલી પુરાવા સાબિત કરે છે કે આ હુમલો ખૂબ જ પ્લાનિંગથી કર્યો હતો. તપાસમાં ખુલાસો થયો છે કે આતંકીઓને શરણ આપનારા બે સ્થાનિક લોકોને આ કામના બદલામાં ખાલી ૩૦૦૦ રૂપિયા મળ્યા હતા. બંને આરોપીઓને NIAએ ધરપકડ કરી લીધા છે અને તેમની સાથે પૂછપરછ થઈ રહી છે. એજન્સીનું માનવું છે કે સ્થાનિક મદદ વિના આતંકી આટલા મોટા હુમલાને અંજામ આપી શકે નહીં.

NIAના જણાવ્યા અનુસાર, પહલગામ એક લોકપ્રિય પર્યટન સ્થળ છે, જે શહેરથી દૂર આવેલું છે. આ જ કારણ હતું કે આતંકી તેને ટાર્ગેટ બનાવવા માગતા હતા, જેથી વધુમાં વધુ લોકો પ્રભાવિત થાય અને સુરક્ષા દળોને ત્યાં પહોંચવામાં સમય લાગે. આ રણનીતિની અસર પણ થઈ અને હુમલા દરમ્યાન આ વિસ્તારમાં ભય ફેલાઈ ગયો. હાલમાં NIA હાશિમ મૂસાની ભૂમિકા અને ડિજિટલ પુરાવાના આધાર પર આખા કાવતરાનો ખુલાસો કરવામાં લાગેલી છે. તપાસ એજન્સીનું કહેવું છે કે આ મામલામાં અન્યની પણ ધરપકડ થઈ શકે છે.

## સરદાર સરોવર નર્મદા ડેમના ૫ ગેટ ફરી એક વાર ખોલવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ચોમાસાની સિઝનમાં બીજી વખત સરદાર સરોવર નર્મદા ડેમના ૫ ગેટ ફરી એક વાર ખોલવામાં આવ્યા છે અને ૯૫,૦૦૦ ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડાતા નદી કાંઠાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. મધ્યપ્રદેશના ઉપરવાસમાં ભારે વરસાદને કારણે નર્મદા ડેમની સપાટીમાં વધારો નોંધાઈ રહ્યો છે.

ગઈકાલે ઓમકારેશ્વર ડેમમાંથી ૧૧ દરવાજા ખોલી ૨ લાખ કયસેક પાણી છોડાતા નર્મદા ડેમની સપાટીમાં વધારો નોંધાઈ રહ્યો છે.

જેને પગલે આ સિઝનમાં આજે બીજી વખત નર્મદા ડેમના દરવાજા ખોલવામાં આવ્યા છે. ગત ૩૧ જુલાઈએ ૫ દરવાજા ખોલવામાં આવ્યા હતા. આજે ૨૮ ઓગસ્ટના રોજ ફરી ૫ દરવાજા ખોલવામાં આવ્યા છે. ડેમમાં પાણીની આવકને ધ્યાને લઈને આજે સવારે ૮ કલાકથી નર્મદા ડેમના ૫ દરવાજા ૧.૫ મીટર ખોલવામાં આવ્યા છે.

### આદિ કર્મયોગી અભિયાન ભારતનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલન

# ગાંધીનગર ખાતે તા. ૨૫ થી ૨૮ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન ‘આદિ કર્મયોગી વિશેષ’ અભિયાન સંદર્ભે ત્રિદિવસીય વર્કશોપ યોજાયો

### રાજ્યભરમાં તા. ૨૨ ઓગસ્ટથી ૨ ઓક્ટોબર ૨૦૨૫ સુધી ‘આદિ કર્મયોગી વિશેષ’ અભિયાન ચાલશે

સેવા, સમર્પણ અને સુશાસનની ભાવના સાથે આદિવાસી વિસ્તારોમાં સરકારી યોજનાઓના અસરકારક અમલીકરણને સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય અને છેવાડાના નાગરીકો સુધી યોજનાકીય લાભ પહોંચાડવાના આશય સાથે રાજ્યભરમાં તા. ૨૨ ઓગસ્ટથી ૨ ઓક્ટોબર ૨૦૨૫ સુધી આદિ કર્મયોગી વિશેષ અભિયાન ચલાવવામાં આવશે. આ સંદર્ભે આદિજાતિ નિયામક શ્રી આશિષકુમારની અધ્યક્ષતામાં તા. ૨૫ થી ૨૮ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન ગાંધીનગર ખાતે કેન્દ્રીય આદિજાતિ મંત્રાલય, ગુજરાત સરકારના આદિજાતિ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ માટે ત્રિદિવસીય વર્કશોપ યોજાયો હતો.

ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા વિવિધ વિકાસ કાર્યોનો આદિવાસી વિસ્તારના લાભાર્થીને લાભ મળે તે હેતુથી જિલ્લા કક્ષાએ એક એક આદિ કર્મયોગીને તાલીમ અપાશે. જેમાં તાલુકાના વિવિધ વિભાગોના કર્મચારીઓને પણ આદિ કર્મયોગીની તાલીમ અપાશે. આ મુજબ જ પંચાયત કક્ષા સુધી કુલ ૨૦ લાખ યુવાનોને તૈયાર કરાશે. આ તાલીમ થકી આદિવાસી વિસ્તારોનો વિકાસ તેમજ નાગરીકોને રોજગારી મળે તેવી વ્યવસ્થા ઊભી કરાશે.

આ અભિયાનનો હેતુ ૨૦ લાખ આદિવાસી પરિવર્તન નેતાઓની કેડર વિકસાવવાનો છે. જેમાં એક લાખ આદિવાસી પ્રભુત્વ ધરાવતા ગામડાઓ, ૩,૦૦૦ આદિવાસી તાલુકાઓ, ૫૫૦ થી વધુ આદિવાસી જિલ્લાઓ, ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગુજરાતમાં સવિશેષ વસ્તી ધરાવતા ૧૫ જિલ્લાઓ, ૯૪ તાલુકાઓ અને ૪૨૪૫ ગામડાઓમાં આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત કામગીરી કરાશે.

આ મિશન બહુ વિભાગીય સંકલનને પ્રેરિત કરે છે, સહભાગી શાસનને વધુ ગાઢ બનાવે છે અને નીચેથી ઉપર નાગરીકો દ્વારા સંચાલિત શાસન પ્રણાલી દ્વારા જાહેર સંસ્થાઓમાં વિશ્વાસ પુનઃ નિર્માણ કરે છે. ભારતના ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વસવાટ કરતા ૧૦.૫ કરોડથી વધુ આદિવાસી નાગરિકોનો આ અભિયાનમાં સમાવેશ થાય છે. તેઓ સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ અને પર્યાવરણીય રીતે સંવેદનશીલ ભૌગોલિક વિસ્તારમાં રહે છે. દાયકાઓથી થતા નાણાકીય ખર્ચ અને બહુ વિવિધ યોજનાઓના અમલીકરણ છતાં આદિવાસી સમુદાયનું આરોગ્ય, શિક્ષણ, પોષણ, આજીવિકા, પાણીની ઉપલબ્ધતા, શાસન વ્યવસ્થામાં પહોંચમાં પ્રણાલીગત અંતર યથાવત છે. આ કાયમી પડકારોનો સામનો કરવા અને વડાપ્રધાનશ્રીના છેલ્લા માઈલ સુધીના શાસન અને લોક કેન્દ્રિત વિકાસના વિઝનને પૂર્ણ કરવા માટે આદિવાસી વિભાગ દ્વારા આદી કર્મયોગી અભિયાન શરૂ કરાયું છે. જે આદિવાસી વિસ્તારોમાં પાયાના શાસન અને સેવા વિતરણમાં ધરમૂળથી પરિવર્તન લાવશે. આ કર્મયોગીઓ આરોગ્ય, શિક્ષણ, રોડ, અને વીજળી જેવા મૂળભૂત જરૂરીયાતો પૂર્ણ કરવાની કામગીરીમાં મદદ કરશે. આદિ કર્મયોગી અભિયાન એ ભારતનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલન છે. આ અભિયાનનો ઉદ્દેશ ભારતના આદિવાસી વિસ્તારોમાં બહુસ્તરીય ક્ષમતા નિર્માણ અને નેતૃત્વ વિકાસ દ્વારા લોક કેન્દ્રિત શાસન પ્રણાલી અને પ્રતિભાવશીલ શાસન વ્યવસ્થાને સંસ્થાકીય બનાવવાનો છે. આ અભિયાનમાં પ્રધાનમંત્રી જનજાતિય આદિવાસી મહા અભિયાન (PM-JANMAN) અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA-JGUA) ના વ્યાપક માળખા સાથે જોડાયેલું છે. આ અભિયાનમાં આદિવાસી નાગરિકોને વિકાસના સક્રિય સહ-નિર્માતાઓમાં રૂપાંતરિત કરવાના છે. આ અભિયાન આદિવાસીઓની આકાંક્ષાઓની મૂળભૂત પ્રણાલીઓ અને લોક કેન્દ્રિત શાસન વ્યવસ્થાઓને સંસ્થાકીય બનાવવાનો પ્રયાસ કરાશે. આ વર્કશોપના સમાપન પ્રસંગે નિયામકશ્રીએ આદિ કર્મયોગી અભિયાન વિશે ઉંડાણમાં સમજ આપી હતી. આ કાર્યક્રમમાં આદિજાતિ વિભાગના સંયુક્ત સચિવ, કાર્યપાલક નિયામક ડો. સી. સી. ચૌધરી તથા આદિજાતિ વિકાસ વિભાગ અને સંબંધિત વિભાગના ૭૦ થી વધુ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

- ઋચા રાવલ

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

## મોહમ્મદ શમીનું દર્દ છલકાયુંઃ જો હું દુલીપ ટ્રોફી માટે ફીટ છું તો એશિયા કપ માટે કેમ નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ટીમના અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ એશિયા કપ ૨૦૨૫ ટીમમાં સ્થાન ન મળવા અંગે મોટું નિવેદન આપ્યું છે. ભારતે આ ટુર્નામેન્ટ માટે પાંચ બોલરોની પસંદગી કરી છે, જેમાંથી ત્રણ ફાસ્ટ બોલરો જસપ્રીત બુમરાહની આગેવાનીમાં રહેશે, પરંતુ શમીને ટીમ અને રિઝર્વ બંનેમાંથી બહાર રાખવામાં આવ્યો છે. શમીને એશિયા કપ ટીમમાંથી બહાર રાખવામાં આવ્યા બાદ એવું માનવામાં આવી રહ્યું હતું કે તે ફિટનેસને કારણે બહાર થઈ ગયો છે પરંતુ હવે શમીએ સ્પષ્ટ કરી દીધું છે કે, તે એકદમ ફીટ છે અને દુલીપ ટ્રોફી રમવા માટે તૈયાર છે. આ દરમિયાન તેણે BCCI સિલેક્ટર્સને પણ આડે હાથ લીધા.

વાસ્તવમાં ભારતીય બોલર મોહમ્મદ શમીએ એશિયા કપ ૨૦૨૫ ટીમમાં સ્થાન ન મળવા પર પોતાનું મૌન તોડ્યું છે. આ વખતે ટીમ ઈન્ડિયાએ પાંચ સ્પેશિયાલિસ્ટ બોલરોની પસંદગી કરી છે, જેમાં ત્રણ બોલર જસપ્રીત બુમરાહની આગેવાનીમાં સામેલ છે. પરંતુ શમીને ન તો મુખ્ય ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે અને ન તો તેને રિઝર્વ ખેલાડીઓમાં સ્થાન મળ્યું છે.

તમને જણાવી દઈએ કે, શમી આ વર્ષે ઈંગ્લેન્ડ સામેની ઘરેલુ T20 સીરિઝમાં લગભગ ત્રણ વર્ષ પછી ફોર્મેટમાં વાપસી કરી હતી. જોકે, રાજકોટમાં વાપસી મેચમાં તેને કોઈ સફળતા નહોતી મળી, પરંતુ મુંબઈમાં રમાયેલી મેચમાં તેણે ત્રણ વિકેટ ખેરવી હતી. આઈપીએલ ૨૦૨૫માં સનરાઈઝર્સ હૈદરાબાદ માટે શમીનું પ્રદર્શન ફ્લોપ રહ્યું હતું. તેણે ૯ મેચમાં માત્ર ૬ વિકેટ ખેરવી હતી અને તેનો ઈકોનોમી રેટ ૧૧.૨૩ રહ્યો હતો. આ દરમિયાન તેને કેટલીક મેચોમાં બહાર પણ બેસવું પડ્યું હતું. ત્યારબાદ ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝ અને પછી એશિયા કપ ટીમમાંથી પણ તેને અવગણવામાં આવ્યો. ઘણા લોકો એવું માની રહ્યા હતા કે, શમીની બહાર રાખવાનો નિર્ણય ફિટનેસના કારણે લેવામાં આવ્યો, પરંતુ શમીએ સ્પષ્ટ કરી દીધું છે કે, તે દુલીપ ટ્રોફઈ રમવા માટે તૈયાર છે. તેણે કહ્યું કે, હું મારી પસંદગી ન થવા બદલ કોઈને દોષ નથી આપતો. જો હું ટીમ માટે યોગ્ય હોઉં તો મને પસંદ કરો, જો નહીં તો કોઈ સમસ્યા નથી. સિલેક્ટર્સની જવાબદારી છે કે, ટીમ ઈન્ડિયા માટે યોગ્ય નિર્ણય લેવામાં આવે. મને મારી ક્ષમતા પર વિશ્વાસ છે કે જ્યારે પણ મને તક મળશે, હું મારું શ્રેષ્ઠ આપીશ. હું સખત મહેનત કરી રહ્યો છું. જ્યારે શમીને પૂછવામાં આવ્યું કે, શું તમે એશિયા કપ રમવા માટે ફીટ હતા? તેના જવાબમાં શમીએ કહ્યું કે, જો હું દુલીપ ટ્રોફી રમી શકું તો T20 કેમ ન રમી શકું?

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં વિવિધ રમતોમાં ભાગ લઈને મેડલ પ્રાપ્ત કરનારા ૮૧ દિવ્યાંગ ખેલાડીઓને રૂ.૮ કરોડથી વધુની રકમ સાથે પુરુસ્કૃત કર્યા

# નેશનલ સ્પોર્ટ્સ ડે – ૨૦૨૫: દિવ્યાંગ-પેરા ખેલાડીઓએ છેલ્લા બે વર્ષમાં આંતરરાષ્ટ્રીય-રાષ્ટ્રીય રમતોમાં ૪૪ ગોલ્ડ, ૪૪ સિલ્વર અને ૫૨ બ્રોન્ઝ મેડલ મેળવી વધાર્યું ગુજરાતનું ગૌરવ

યુવાનો અને દિવ્યાંગોમાં રમત-ગમત પ્રત્યે જાગૃતિ આવે, તેમનામાં રમતના કૌશલ્યો વિકસે, ખેલદિલીની ભાવના વધુ દ્રઢ થાય તે હેતુથી ગુજરાતમાં ખેલ મહાકુંભ, શક્તિદૂત, ઈન્સ્કૂલ જેવી અનેક યોજનાઓ દ્વારા રાજ્ય સરકાર તેમનો જુસ્સો વધારી રહી છે. છેલ્લા બે વર્ષમાં દિવ્યાંગ-પેરા ખેલાડીઓએ ૪૪ ગોલ્ડ, ૪૪ સિલ્વર અને ૫૨ બ્રોન્ઝ મેડલ હાંસલ કરીને રાજ્યનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં વિવિધ રમતોમાં ભાગ લઈને મેડલ પ્રાપ્ત કરનારા ૮૧ પેરા ખેલાડીઓને કુલ રૂ.૮ કરોડથી વધુની રકમ સાથે પુરુસ્કૃત કર્યા છે.

તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'ના મંત્રને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રમત–ગમત મંત્રી શ્રી હર્ષ સંઘવી આગળ વધારી રહ્યા છે. દિવ્યાંગ ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાનું પેરા હાઈ પરફોમેન્સ સેન્ટર મળી રહે અને રમત ગમત ક્ષેત્રે તેઓ વધુ સારું પ્રદર્શન કરી શકે તે હેતુથી આ વર્ષે બજેટમાં રૂ. ૩૩ કરોડના ખર્ચે પેરા હાઈ પરફોમેન્સ સેન્ટરનું નિર્માણ થવા જઈ રહ્યું છે.

રાજ્યના દિવ્યાંગ ખેલાડીઓએ પેરા એશિયન ગેમ્સ-૨૦૨૩ અંતર્ગત ચેસ, એથ્લેટિક્સ, પેરા ટેબલ ટેનિસ, બેડમિન્ટન રમતમાં ૪ ગોલ્ડ અને ૬ બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યા હતા. આ ઉપરાંત વર્ષ-૨૦૨૪માં ૨૨મી નેશનલ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં પેરા એથ્લેટિક્સ રમતમાં હાઈ જંપ, લોંગ જંપ, જેવલીન, ૧૦૦મી-૨૦૦મી-૪૦૦મી દોડ, લોંગ જંપ, ડિસ્કસ સહિતની રમતમાં ૧૧ ગોલ્ડ, ૧૫ સિલ્વર, ૧૩ બોન્ઝ એમ કુલ -૩૮ મેડલ જીત્યા હતા.

વધુમાં ૨૩મી નેશનલ પેરા સ્વિમિંગ ચેમ્પિયનશીપમાં ૧૦૦મી ફ્લાય, ૫૦મી બેક, ૫૦મી ફ્રી, ૪*૧૦૦ મેડલી સ્વિમિંગ, સી.પી.એફ.એસ.આઈ નેશનલ સ્વિમિંગ ૫૦મી ફ્રી સ્વિમિંગ, ૧૦૦મી ફ્રી સ્પર્ધામાં ભાગ લઈને ૦૯ ગોલ્ડ, ૦૭ સિલ્વર અને ૦૫ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.

આ ઉપરાંત પેરા ટેબલ ટેનિસ, યુટીટી પેરા ટેબલ ટેનિસ નેશનલ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૪માં સિંગલ ક્લાસ -૩-૪-૫-૬-૭-૮, ડબલ એમ.એસ ૧૪, ડબલ એક્સ ડબલ્યુ-૭, ડબલ ડબ્લ્યુ એસ-૧૪, ડબલ ડબ્લ્યુ ડબ્લ્યુ ૧૦, ડબલ એમ ડબ્લ્યુ-૮માં ભાગ લઈને પેરા ખેલાડીઓએ ૧૨ ગોલ્ડ, ૦૯ સિલ્વર અને ૨૧ બ્રોન્ઝ મેડલ જીતીને ગુજરાતનું નામ રોશન કર્યું હતું.

દિવ્યાંગ ખેલાડીઓએ ૨૧માં સિનિયર અને ૧૬માં જૂનિયર નેશનલ પેરા પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૪માં પાવર લિફ્ટિંગ ૪૧ કિ.લો, ૪૫-૪૯-૫૪-૬૫-૭૨-૭૩-૮૬-૮૮ કિ.લો કેટેગરીમાં ૦૫ ગોલ્ડ, ૦૭ સિલ્વર અને ૦૨ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. પાંચમાં બેડમિન્ટન ચેમ્પિયનશીપ-૨૦૨૩ અને છઠ્ઠા પેરાબેડમિન્ટન ચેમ્પિયનશીપ-૨૦૨૪માં મિક્સ્ડ ડબલ એસ.એચ-૬, મિક્સ્ડ ડબલ એસ.એચ એસ.એલ -૩, એસ.યુ-૫ રમતમાં ૧ સિલ્વર અને ૦૪ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

દિવ્યાંગ ખેલાડીઓએ આઠમાં બોચ્ચિયા નેશનલ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૪માં બોચ્ચિયા રમતમાં બીસી-૧ શ્રેણીમાં ૦૧ ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો. એ.આઈ.સી.એફ.બી નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશીપ ૨૦૨૨ અને ૨૦૨૩ ચેસની રમતમાં ૨ ગોલ્ડ તેમજ વર્લ્ડ ડેફ શૂટિંગ ચેમ્પિયનશીપ-૨૦૨૪માં ૧૦ મી. એરરાઈફલ ડીફ સ્પર્ધામાં ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ તેમજ ૨૨માં કે.એસ.એસ શૂટિંગ ચેમ્પિયનશીપ - ૨૦૨૩ અને ૨૦૨૪માં ૦૨ સિલ્વર મેડલ તેમજ પેરા કેનોઈંગ રમતમાં ૨ સિલ્વર મેડલ હાંસલ કરીને કુલ ૪૪ ગોલ્ડ, ૪૪ સિલ્વર અને ૫૨ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ઈતિહાસમાં પેરા ખેલાડીઓ તેમની અદમ્ય ઈચ્છાશક્તિ અને સમર્પણથી રાજ્યનું ગૌરવ વધારતા આવ્યા છે. તેમની આ સિદ્ધિઓ આજના યુવાનો માટે પ્રેરણાદાયી સાબિત થશે. ખેલાડીઓનો રમત ગમત ક્ષેત્રે વધુ વિકાસ અને તેમના સશક્તિકરણ માટે રાજ્ય સરકાર હંમેશા પ્રયત્નશીલ છે.

- પ્રિન્સ ચાવલા

### ગુજરાત એન્ટરટેઈનમેન્ટ ઈન્વેસ્ટમેન્ટ માટેનું ફેવરિટ ડેસ્ટિનેશન બન્યું છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# ગુજરાતમાં ૭૦મા ફિલ્મફેર એવોર્ડ્સ ૨૦૨૫ના આયોજન માટે ગુજરાત સરકારના પ્રવાસન નિગમ (TCGL) અને વર્લ્ડ વાઈડ મીડિયા પ્રા. લિ વચ્ચે MoU થયા

૭૦મા ફિલ્મફેર એવોર્ડસના આયોજન માટે ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ અને વર્લ્ડ વાઈડ મિડીયા પ્રા. લિમિટેડ વચ્ચે ગાંધીનગરમાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં MOU કરવામાં આવ્યા હતા.

આ એમ.ઓ.યુ. પર રાજ્ય સરકાર વતી પ્રવાસન નિગમના મેનેજિંગ ડાયરેક્ટર અને ટુરિઝમ કમિશનર શ્રી પ્રભવ જોશી અને વર્લ્ડ વાઈડ મીડિયાના શ્રી રોહિત ગોપાકુમારે હસ્તાક્ષર કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે ૨૦૨૨માં જાહેર કરેલી સિનેમેટીક ટુરીઝમ પોલિસીને પગલે ગુજરાતમાં ફિલ્મ ઉદ્યોગો આકર્ષિત થયા છે. તેમાં આ ફિલ્મફેર એવોર્ડ-૨૦૨૫નું આયોજન વધુ એક સિમાચિન્હ બનશે.

મુખ્યમંત્રીશ્રીએ મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ પ્રસંગે ફિલ્મ ફેર ટ્રોફી-બ્લેક લેડીનું અનાવરણ કર્યું હતું.

ગુજરાતમાં સતત બીજીવાર ફિલ્મફેર એવોર્ડ્સ આયોજિત થવા જઇ રહ્યો છે, તે સંદર્ભમાં આ MOU સાઈનીંગ અવસરે પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા, રાજ્ય મંત્રી શ્રી ભીખૂ સિંહ પરમાર, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, પ્રવાસન સચિવ શ્રી રાજેન્દ્ર કુમાર, પ્રવાસન નિગમના મેનેજિંગ ડાયરેક્ટર અને ટુરિઝમ કમિશનર શ્રી પ્રભવ જોશી, તેમજ ટાઇમ્સ ગ્રુપના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી વીનિત જૈન, ટાઇમ્સ ગ્રુપના ડાયરેક્ટર શ્રી રોહિત ગોપાકુમાર, લોકપ્રિય હિંદી ફિલ્મ મેકર શ્રી કરણ જોહર તથા વિક્રાંત મેસી ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રગતિને નવી દિશા આપી છે અને સર્વાંગી વિકાસને પગલે ગુજરાત એન્ટરટેઈનમેન્ટ ઈન્વેસ્ટમેન્ટ માટેનું ફેવરિટ ડેસ્ટિનેશન બન્યું છે.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, સ્વદેશી અને આત્મનિર્ભરતાને ફિલ્મ મેકિંગ ઉદ્યોગ ખૂબ સારી રીતે પ્રોત્સાહન આપી શકે તેમ છે. ભારતીય ફિલ્મ જગતના સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મફેર એવોર્ડ્સનું ગુજરાતમાં આયોજન થવાથી લોકલ ઈકોનોમીને બુસ્ટ મળશે તથા એમ્પ્લોયમેન્ટ જનરેશન પણ થઈ શકશે. એટલુ જ નહિ, સ્થાનિક ઉત્પાદનો ના ખરીદ-વેચાણથી વોકલ ફોર લોકલ દ્વારા સ્વદેશી અપનાવવાનું વડાપ્રધાનશ્રીનું આહવાન પણ પરિપૂર્ણ થશે.

વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં રાજ્ય સરકારે ફિલ્મોને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત ફિલ્મિંગ ઈન્સેન્ટિવ સ્કીમ ઉપરાંત સિનેમેટિક ટુરિઝમ પોલિસી અમલમાં મૂકી છે તેના પરિણામે વિકાસના મોડેલ તરીકે જાણીતું બનેલું ગુજરાત હવે ફિલ્મ ઉદ્યોગનું હબ બની રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ગુજરાતમાં ૭૦માં ફિલ્મફેર એવોર્ડના આયોજનથી રાજ્યની ટુરિઝમ લીગસી અને વિરાસતને સમગ્ર વિશ્વ વધુ સારી રીતે જાણી શકે તે માટે આ એમ.ઓ.યુ. મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ કે, ગુજરાત કોન્સર્ટ ઈકોનોમીનું પણ એક મોટું સેન્ટર બની રહ્યું છે. એક લાખની બેઠક ક્ષમતા ધરાવતું અમદાવાદનું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અનેક લોકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. તે જ દર્શાવે છે કે અમદાવાદ મોટા કોન્સર્ટનું આયોજન કરવા માટે કેપેબલ છે.

આ ઈવેન્ટ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકોને ગુજરાતના વૈવિધ્યસભર પ્રવાસન આકર્ષણો દર્શાવવા માટે એક પ્લેટફોર્મ બનશે. કચ્છનું સફેદ રણ, સાબરમતી આશ્રમ અને સોમનાથ તથા દ્વારકા જેવા ઐતિહાસિક સ્થળોથી લઈને ગીર ફોરેસ્ટ નેશનલ પાર્ક અને સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર બિચ જેવા સમૃદ્ધ પ્રવાસન સ્થળોને ફિલ્મફેર એવોર્ડ્સ હાઈલાઈટ કરશે. ફિલ્મફેર એવોર્ડ્સ જેવી પ્રતિષ્ઠિત ઈવેન્ટના આયોજન માટે રાજ્ય સરકાર અને સ્થાનિક સત્તાતંત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પરિવહન અને હોસ્પિટાલિટી સુવિધાઓનો વિકાસ કરવામાં રોકાણ કરશે.

આ વિકાસકાર્યો માત્ર એવોર્ડ સેરેમની માટે જ નહિ, પરંતુ ગુજરાતના પ્રવાસન માળખામાં વૃદ્ધિ કરવામાં પણ ફાયદાકારક બનશે અને લાંબા ગાળે ગુજરાતને પ્રવાસીઓ માટે વધુ આકર્ષક બનાવશે. આ પ્રસંગે ટાઈમ્સ ગ્રૂપના એમડી શ્રી વિનીત જૈને કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં બીજીવાર ફિલ્મ ફેર એવોર્ડ-૨૦૨૫નું સફળ આયોજન થવા જઈ રહ્યું છે. આ બદલ તેમણે ટાઈમ્સ ગ્રુપ વતી ગુજરાતનાં વિકાસલક્ષી વિઝન અંતર્ગત રાજ્ય સરકાર અને ગુજરાતનાં નાગરિકોનો આભાર માન્યો હતો. ૭૦ વર્ષથી ભારતીય સિનેમાના બેસ્ટ ફિલ્મ ફેર એવોર્ડનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં સંસ્કૃતિ અને મનોરંજનના સમન્વયના પરિણામે ફિલ્મ તેમજ પ્રવાસન ક્ષેત્રે નવી તકો ઉપલબ્ધ થઈ રહી છે.

ગુજરાત પ્રવાસન નિગમના સચિવ શ્રી રાજેન્દ્ર કુમારે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, હિન્દી ફિલ્મ જગતનો પ્રસિદ્ધ ફિલ્મફેર એવોર્ડ-૨૦૨૫ ગુજરાતમાં બીજી વાર યોજાવા જઈ રહ્યો છે તે આપણા સૌ માટે ગૌરવપૂર્ણ છે. ગુજરાતે અગાઉ આઈસીસી વર્લ્ડ કપ, ફિલ્મ ફેર એવોર્ડ અને કોલ્ડ પ્લે કોન્સર્ટ જેવી મોટી ઈવેન્ટની યજમાની પણ કરી છે. ગુજરાત સરકારે ફિલ્મ સહિત ઉદ્યોગોને સિંગલ વિન્ડો ક્લિયરન્સ, ટેક્સમાં રાહત સહિત અનેક પ્રોત્સાહનો આપ્યા છે. આ ફિલ્મફેર એવોર્ડ ૨૦૨૫ માટેના એમઓયુ ગુજરાતમાં ફિલ્મ ક્ષેત્રે નવા માઈલસ્ટોન સાબિત કરશે તેમ, જણાવી ફિલ્મ ફેર એવોર્ડ માટે ગુજરાતની પસંદગી કરવા બદલ રાજ્ય સરકાર વતી તેમણે આભાર માન્યો હતો.

વર્લ્ડ વાઈડ મીડિયાના CEO શ્રી રોહિત ગોપાકુમારે જણાવ્યું હતું કે, ગુજરાતે ચાર તત્વોની ઓળખ બનાવી છે. જેમાં પ્રાચીન એટલે કે હડપ્પાની શોધ સાથે સિંધુ ખીણની સંસ્કૃતિની શરૂઆત, આધ્યાત્મિક જેમાં દ્વારકા અને પાલીતાણા, કલાત્મકમાં કચ્છ અને ડાંગનું ભરતકામ-કલા કારીગીરી અને ચોથું આધુનિક છે, જે શ્વેત ક્રાંતિ જેવી કે અમૂલ, વાઈબ્રન્ટ ગુજરાત કે વિશ્વની સૌથી મોટી પ્રતિમા જે સ્ટેચ્યુ ઓફ યુનિટી છે. આ ઉપરાંત ગુજરાતની ઓળખસમું પાંચમું તત્વ મનોરંજન છે. ગુજરાત સરકારે જે ફિલ્મ નીતિ ઘડી છે, તે રાજ્ય માટે ખૂબ જ મહત્વની છે. રાજ્યમાં બીજીવાર ફિલ્મફેર એવોર્ડ ૨૦૨૫ના આયોજન થકી ગુજરાતના વિઝનને વધુ મજબૂત કરવાની અમને તક મળી છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના ડિરેક્ટર શ્રી કરણ જોહરે કહ્યું હતું કે, જ્યારે આપણી ફિલ્મો નોમિનેટ થાય છે અને જીતીએ છીએ, ત્યારે તે આપણાં સૌ માટે એક ઐતિહાસિક પળ હોય છે. આમ, ફિલ્મ ફેર એવોર્ડ્સ આપણા બધા માટે ખૂબ મહત્વપૂર્ણ છે. ગત વર્ષે મને ગુજરાતમાં ૬૯માં ફિલ્મ ફેર એવોર્ડ્સનું આયોજન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું તે માટે અને આ વર્ષે ફરીથી ૭૦માં ફિલ્મ ફેર એવોર્ડ્સનું આયોજન કરવા માટે હું ગુજરાત સરકારનો ખૂબ આભારી છું.

અભિનેતા વિક્રાંત મેસીએ કહ્યું હતું કે, 'લેન્ડ ઓફ કલ્ચર' તરીકે ઓળખાતા ગુજરાતમાં અમદાવાદ, વડોદરા અને નવસારીમાં મારા મિત્રો હોવાને પરિણામે મને આ રાજય પ્રત્યે વિશેષ લાગણી છે. મારી કારકિર્દીનો પ્રથમ ફિલ્મફેર એવોર્ડ પણ મને ગુજરાતની ધરતી ઉપર ગત વર્ષે ગિફ્ટ સિટી ખાતે આયોજિત કાર્યક્રમમાં મળ્યો હતો અને આગામી વર્ષે પણ ગુજરાત ફિલ્મ ફેર એવોર્ડનું યજમાન બન્યું છે, તે મારા માટે ગૌરવ સમાન છે. પ્રવાસન નિગમના MD શ્રી પ્રભવ જોષીએ આભાર વ્યક્ત કર્યો હતો. ગુજરાત ટુરીઝમ કોર્પોરેશન અને વર્લ્ડ વાઈડ મિડિયા પ્રા. લીમીટેડ વચ્ચે થયેલા આ MOU અવસરે ફિલ્મ નિર્માણ અને ફિલ્મ અભિનય ક્ષેત્ર સાથે જોડાયેલા નિર્માતાઓ, કલાકારો, કસબીઓ તેમજ આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

### સુરતથી દુબઈ જતા મધદરિયે સર્જાઈ હતી ખામી

# અમદાવાદ એરપોર્ટ પર ઈન્ડિગો ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં વધુ એક ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાયું છે.

આ ફ્લાઈટ સુરતથી દુબઈ જઈ રહી હતી. જો કે, મધદરિયે તેના એન્જિનમાં કોઈ ખામી સર્જાતા પાઈલટે સમયસૂચકતા દાખવીને ફ્લાઈટને પાછી વાળીને ઈમરજન્સી લેન્ડિંગ કરાવવાનો નિર્ણય લીધો હતો.

મળતી માહિતી અનુસાર, સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી દુબઈ જવા માટે ઈન્ડિગોની ફ્લાઈટ ૧૫૦થી વધુ મુસાફરો સાથે ઉડાન ભરી હતી. પરતુ ફ્લાઈટમાં મધદરિયે એક એન્જિનના અચાનક થામી સર્જાઈ હતી. પાયલટને આ ખામીની જાણ થતાં તેણે તાત્કાલિક એર ટ્રાફિક કંટ્રોલ (ATC)નો સંપર્ક કર્યો અને ફ્લાઈટને અમદાવાદ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. સુરક્ષાને ધ્યાનમાં રાખીને પાયલટે ફ્લાઈટને અમદાવાદ એરપોર્ટ પર ઉતારવાનો નિર્ણય લીધો હતો. અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઈટના ઈમરજન્સી લેન્ડિંગ બાદ તપાસ કરવામાં આવી રહી છે અને એન્જિનમાં ખામીનું કારણ શોધવામાં આવી રહ્યું છે. બીજી તરફ મુસાફરોને દુબઈ પહોંચાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી વિમાન બદલ્યા બાદ અમદાવાદથી દુબઈ તરફ મુસાફરોને લઈ પ્રસ્થાન કર્યુ. નોંધનીય છે કે, પાયલટના આ નિર્ણયને કારણે એક મોટી દુર્ઘટના ટળી શકી છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં અગાઉ એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થવાની ઘટનાને પગલે પહેલાથી જ લોકોના મનમાં આજે પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ૯ વર્ષથી ચોરીના ગુનામાં ફરાર આરોપીને પોલીસે ઝડપી પાડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકે નોંધાયેલ ચોરીના ગુનામાં પાછલા ૯ વર્ષથી વોન્ટેડ આરોપીને પેરોલ ફર્લો સ્કોર્ડ ભરૂચની ટીમે ઝડપી પાડ્યો હતો. પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ વડોદરા તથા જિલ્લા પોલીસ વડા અક્ષય રાજએ પેરોલ, ફર્લો જમ્પ આરોપી તથા વોન્ટેડ આરોપીઓને પકડવા અંગે ખાસ સુચનાઓ આપી છે. જે અનુસંધાને ભરૂચ પેરોલ ફર્લો સ્કોર્ડની ટીમ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથક હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે સમયે બાતમી , હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સ આધારે અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથકે નોંધાયેલ ચોરીના ગુનામાં ફરાર વિનુભાઇ દુલીયાભાઇ ભીલાલા (રહે-મધ્ય પ્રદેશ) ને અંકલેશ્વર જી.આઈ.ડી.સી.ગોલ્ડન પોઈન્ટ ખાતેથી ઝડપી પાડી આગળની કાર્યવાહી કરવા માટે અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનને આરોપીનો કબજો સોપ્યો હતો.




# સાપુતારાના ઘાટ માર્ગમાં ગણેશ મંદિર પાસે ભેખડ ધસવાની ઘટના સામે આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)ડાંગ

ડાંગ જિલ્લા ગિરિમથક સાપુતારાના ઘાટ માર્ગમાં ગણેશ મંદિર પાસે ભેખડ ધસવાની ઘટના સામે આવી છે. સાપુતાના આ ઘાટ માર્ગમાં ભેખડ ધસવાથી કોઈને જાણ હાની થઈ નથી. ભેખડ ધસવાને કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે. સાપુતારા પોલીસ ટીમ હાલ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. એક બાજુનો વાહન વ્યવહાર શરૂ કરવામાં આવ્યો છે. આ ધસી પડેલી ભેખડને હટાવવા માટે વહીવટી તંત્ર દ્વારા જેસીબીને મંગાવીને હટાવીને તજવીજ શરૂ કરવામાં આવી છે. સાપુતારાના ઘાટ માર્ગમાં ગણેશ મંદિર પાસે ભેખડ ધસવાની ઘટના સામે આવી છે. જિલ્લામાં વરસાદમાં ધોધ અને ઝરણાં સક્રિય થતાં પ્રવાસીઓની ભીડ જામે છે. ઘાટ માર્ગમાં વરસાદના કારણે ભેખડ ધસી પડતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. તંત્ર દ્વારા વાહન વ્યવહાર ચાલું કરાવી પથ્થરો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ભેખડ ધસવાની ઘટના સામે આવતા સાપુતારા પોલીસ ટીમ ઘટના સ્થળે પહોચીં છે. અગાઉ પણ થોડી દિવસો પહેલા આ માર્ગ પર ભેખડ ધસી પડવાની ઘટના સામે આવી હતી.

### રાજ્યના મહત્તમ ખેડૂતોને ટેકાના ભાવે ખરીદીનો લાભ લેવા અનુરોધ કરતા મંત્રી શ્રી રાઘવજી પટેલ

# ચાલુ સિઝનમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનનું ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક ખેડૂતો આગામી તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર સુધી નોંધણી કરાવી શકશે

કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ખેડૂતોને પોતાના પાક ઉત્પાદનના પોષણક્ષમ ભાવ પૂરા પાડવાના આશય સાથે પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન હેઠળ વિવિધ જણશીઓની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. ચાલુ સિઝનમાં રાજ્યના મહત્તમ ખેડૂતો ટેકાના ભાવે વેચાણનો લાભ લઈ શકે તે માટે અગાઉથી જ મગફળી, મગ, અડદ અને સોયાબીન પાકની નોંધણી શરુ કરવામાં આવશે.

રાજ્યના તમામ જિલ્લાઓમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે ઈચ્છુક ખેડૂત મિત્રો આગામી તા. ૧ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકશે. આ અંગે વિગતવાર માહિતી આપતા કૃષિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, બજારમાં જે તે જણસીઓના બજારભાવ ટેકાના ભાવ કરતાં નીચા રહે તે સંજોગોમાં ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે તે માટે ભારત સરકારની પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન અંતર્ગત પીએસએસ હેઠળ વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. જે અંતર્ગત ચાલુ સીઝનમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનનું ટેકાના ભાવથી ખરીદવાનું રાજ્ય સરકાર દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે, જેથી મહત્તમ ખેડૂતો તેનો લાભ લઈ શકે.

એટલા માટે જ, હવેથી ગુજરાતના ખેડૂતો ટેકાના ભાવે પાક વેચાણ માટે વાવેતર બાદ તુરંત જ નોંધણી કરાવી શકશે. રાજ્યના તમામ ખેડૂતો ખરીફ પાકો એટલે કે, મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદીનો લાભ લઈ શકે તે માટે આગામી તા. ૧ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ટેકાના ભાવે વેચાણ માટે ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર નોંધણી શરુ કરવામાં આવી રહી છે. ખેડૂત મિત્રો ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે વિનામૂલ્યે ઓનલાઈન નોંધણી કરાવી શકશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

તેમણે વિશેષતઃ કહ્યું હતું કે, ગત વર્ષે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના ૮.૫૩ લાખથી વધુ લાભાર્થી ખેડૂતો પાસેથી રૂ. ૧૬,૨૨૩ કરોડથી વધુના મૂલ્યના કુલ ૨૩.૪૭ લાખ મેટ્રિક ટન જથ્થાની ટેકાના ભાવે ઐતિહાસિક ખરીદી કરવામાં આવી હતી. ચાલુ વર્ષે પણ રાજ્યના ખેડૂતો પાસેથી ખરીફ પાકોની પૂરતા પ્રમાણમાં ખરીદી કરવામાં આવશે. રાજ્યના મહત્તમ ખેડૂતોને ટેકાના ભાવે ખરીદીનો લાભ લેવા માટે નોંધણી કરાવવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો છે.

અત્રે ઉલ્લખનીય છે કે, રાજ્યમાં પાક વાવેતર શરુ થાય તે પહેલા જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે, જેથી ખેડૂતો પાકના લઘુત્તમ ભાવને ધ્યાને રાખીને વિવિધ જણશીઓનું વાવેતર કરી શકે છે. ચાલુ વર્ષે ભારત સરકાર દ્વારા ખરીફ પાક મગફળી માટે રૂ. ૭,૨૬૩ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૪૫૨ પ્રતિ મણ), મગ માટે રૂ. ૮,૭૬૮ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૭૫૩ પ્રતિ મણ), અડદ માટે રૂ. ૭,૮૦૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૫૬૦ પ્રતિ મણ) તથા સોયાબીન માટે રૂ. ૫,૩૨૮ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૦૬૫ પ્રતિ મણ) ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા છે.

- નિતિન રથવી




અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે નવજાત શિશુઓ માટેની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ, નવનિર્મિત મા વાત્સલ્ય" મધર્સ મિલ્ક બેંકનું ઉદ્ઘાટન કરાયું હતું.

### બી.જે. મેડિકલ કોલેજમાં પણ આવા સેન્ટર શરૂ કરાશે

# સિવિલમાં આરોગ્ય મંત્રીના હસ્તે અદ્યતન સ્તનપાન સેન્ટર શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવા નવું પગલું ભરવામાં આવ્યું છે. અમદાવાદ સિવિલમાં અદ્યતન સ્તનપાન સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલનું જણાવ્યું કે વડોદરા, સુરત, વલસાડ, ગાંધીનગરમાં સેન્ટર કાર્યરત છે. ભાવનગર, જામનગર, રાજકોટમાં સેન્ટર શરૂ કરવામાં આવશે. બી.જે. મેડિકલ કોલેજમાં પણ આવા સેન્ટર શરૂ કરાશે. બાળ મૃત્યુદર ઘટાડવાનો પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગુજરાતમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવા સિવિલ હોસ્પિટલમાં ખાસ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. રાજ્ય આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વિશ્વ સ્તનપાન સપ્તાહ નિમિત્તે બી.જે. મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ ખાતે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે.

બી.જે. મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ, ડોકટર પંડ્યા અને એલ્યુમિની એસોસિએશન દ્વારા ૭૦ થી ૮૦ લાખના ખર્ચે સિવિલ હોસ્પિટલમાં એક અદ્યતન સ્તનપાન સેન્ટરની ભેટ આપવામાં આવી છે. માતાના દૂધની વ્યવસ્થા માટે ખાસ સેન્ટર છે. માતાઓને તેમના બાળકો માટે દૂધની જરૂરિયાત પૂરી કરવી અને જે માતાઓ પાસે વધારાનું દૂધ હોય તેમને પોતાનું દૂધ દાન કરવાની સુવિધા પૂરી પાડવા આવશે.

આ દૂધ જરૂરિયાતવાળા બાળકોને પૌષ્ટિક અને રોગપ્રતિકારક શક્તિ વધારનાર સ્તનપાનનો લાભ આપશે. ગુજરાતમાં વધુ ચાર સેન્ટરની મંજૂરી વડોદરા, સુરત, વલસાડ અને ગાંધીનગરમાં આવા સેન્ટર કાર્યરત છે. આગામી સમયમાં ભાવનગર, જામનગર, રાજકોટ અને બી.જે. મેડિકલ કોલેજમાં પણ આવા સેન્ટર શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. આ પગલાથી રાજ્યમાં સ્તનપાનની સુવિધા વધુ વિસ્તરશે. બાળ મૃત્યુદર ઘટાડવાનો પ્રયાસ છે. આવા સેન્ટરો દ્વારા સ્તનપાનને પ્રોત્સાહન આપવાથી બાળ મૃત્યુદરમાં પણ ઘટાડો થશે.

# HCમાં જસ્ટિસ સંદીપ ભટ્ટની બદલી અંગે વકીલોનો વિરોધ યથાવત

### સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસના આમંત્રણને પગલે કમિટીના છ સભ્યો દિલ્હી જવા રવાના પણ થઈ ગયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટની રજિસ્ટ્રીના દરેક ખૂણામાં, દરેક ટેબલ, હાઈકોર્ટના કોરિડોર તેમજ અગત્યના સ્થાનો પર સીસીટીવી લગાવવા અંગેનો હુકમ કરનાર અને હાઈકોર્ટ રજિસ્ટ્રીની સિસ્ટમ સામે વકીલોએ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ સંદીપ એન. ભટ્ટની પ્રસ્તાવિત બદલીના વિરોધમાં ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશન કોર્ટ કામકાજથી અળગા રહેવાનો નિર્ણય લીધો હતો. જોકે, આ એલાન બાદ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બી. આર. ગવઈએ હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનની આ મામલે રચાયેલી વિશેષ કમિટીને તેમની રજૂઆત બાબતે સુપ્રીમ કોર્ટ બોલાવ્યા છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસના આમંત્રણને પગલે કમિટીના છ સભ્યો દિલ્હી જવા રવાના પણ થઈ ગયા છે. ગુરૂવારે (૨૮ ઓગસ્ટ) આ મામલે ચીફ જસ્ટિસ સાથે મહત્ત્વની બેઠક યોજાશે. બીજીબાજુ, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ દ્વારા જયારે સકારાત્મક વલણ દાખવી કમિટીના પ્રતિનિધિમંડળને રૂબરૂ સાંભળવા બોલાવ્યા છે, ત્યારે હવે હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસિએશન દ્વારા કોર્ટ કામકાજથી અળગા રહેવાના એલાનને પાછું ખેંચવા બાબતે પણ તાકીદની અસાધારણ સભા બોલાવવામાં આવી હતી. જોકે, આ તમામ વકીલ સભ્યોને હાઈકોર્ટની ન્યાયિક કામગીરીમાં પોતાની વ્યવસાયિક ફરજોમાં જોતરાઈ જવા અપીલ કરવામાં આવી હતી. પરંતુ, આ અપીલ બાદ પણ વકીલો દ્વારા આજે પણ કોર્ટની કામગીરી બંધી રાખવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે વિવિધ હાઈકોર્ટના જે ૧૪ જજીસની સૂચિત બદલી પ્રસ્તાવિત કરી છે, તેમાં હાઈકોર્ટના જસ્ટિસ સંદીપ ભટ્ટ અને જસ્ટિસ માનવેન્દ્રનાથ રોયનો પણ સમાવેશ થાય છે. જો કે, હાઈકોર્ટની આંતરિક સિસ્ટમ સામે જસ્ટિસ સંદીપ ભટ્ટની બદલીને લઈ ગુજરાતના ન્યાયતંત્રમાં બહુ ઘેરા અને આકરા પ્રત્યાઘાત સામે આવ્યા હતા. હાઈકોર્ટ એડવોકેટ એસોસિએશનની એકસ્ટ્રા જનરલ મિટિંગમાં મોટાભાગના વકીલ સભ્યોએ જસ્ટિસ સંદીપ ભટ્ટની બદલીનો જોરદાર વિરોધ કર્યો હતો અને અચોક્કસ મુદતની હડતાળનું શસ્ત્ર ઉગામવા ઉગ્ર માંગણી કરી હતી. જેને લઈ આખરે એસોસિએશન દ્વારા કોર્ટ કામકાજથી અળગા રહેવાનું એલાન અપાયું હતું. જેને પગલે બપોર બાદ હાઈકોર્ટમાં રૂટીન કોર્ટ કામગીરી ખોરવાઈ ગઈ છે.આ દરમિયાન ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસિએશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી તરફથી સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બી. આર. ગવઈના પર્સનલ સેક્રેટરીને ફોન કરી તેમની રૂબરૂ મુલાકાત માટે સમય માંગવામાં આવ્યો હતો. જેના અનુસંધાનમાં ચીફ જસ્ટિસ તરફથી હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસિએશનની વિશેષ કમિટી કે જેમાં છ સભ્યોનો સમાવેશ કરાયો છે, તે પ્રતિનિધિમંડળને રૂબરૂ મળવા માટે દિલ્હી આવવા આમંત્રણ આપવામાં આવ્યું છે. જેને પગલે એસોસિએશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી, સિનિયર એડવોકેટ અસીમ પંડયા, ભાર્ગવ ભટ્ટ, એડવોકેટ બી. એમ. મંગુકીયા સહિતના છ સભ્યો દિલ્હી જવા રવાના થઈ ગયા છે.

### અમદાવાદ માં રોડ-રસ્તા કે પછી ચંદ્રની સપાટી?

# ખાડાઓથી ખદબદતા માર્ગો પર વાહનચાલકોની કફોડી હાલત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં થોડા દિવસના વરસાદ બાદ શહેરના અનેક વિસ્તારોમાં રોડ-રસ્તાની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ છે. ખાસ કરીને તાજેતરમાં જ બનેલા રોડ પણ ઊબડખાબડ થઈ ગયા છે, જેની સીધી અસર વાહનચાલકો અને રાહદારીઓ પર પડી રહી છે. બાપુનગર અનિલસ્ટાર્ચ મિલ રોડ તેનું જીવંત ઉદાહરણ છે. અહીં રોડ પર ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા છે, જેને કારણે વાહનચાલકો માટે મુસાફરી કરવી મુશ્કેલ બની ગઈ છે. સ્થાનિકોનું કહેવું છે કે વરસાદ દરમિયાન આ ખાડા પાણીથી ભરાઈ જાય છે, જેના કારણે તેમની ઊંડાઈનો અંદાજ આવતો નથી અને અકસ્માતનો ભય વધી જાય છે. ખરાબ રોડ-રસ્તાને કારણે સ્થાનિક રહેવાસીઓ અને વાહનચાલકોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ અનેક વખત મ્યુનિસિપલ કોર્પોરેશન અને સંબંધિત અધિકારીઓને આ અંગે રજૂઆતો કરી છે, પરંતુ આજ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. એક સ્થાનિક રહેવાસીએ જણાવ્યું કે, "અમે ઘણી રજૂઆતો કરી, પણ કોઈ સાંભળતું નથી. ચાલુ વરસાદે મહામુસીબતે પસાર થવું પડે છે." આ સમસ્યાથી લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. તંત્ર દ્વારા તાત્કાલિક સમારકામ ન થવાથી લોકોની મુશ્કેલીઓ વધી રહી છે. બાપુનગર અનિલસ્ટાર્ચ મિલ રોડ પરની પરિસ્થિતિ વધુ ગંભીર બની છે કારણ કે અહીં રાત્રે સ્ટ્રીટલાઈટ પણ બંધ રહે છે. એક સ્થાનિક નાગરિકે કહ્યું, "રાત્રે ઘણી વખત અહીંયા સ્ટ્રીટલાઈટ બંધ હોય છે. ખાડા દેખાતા નથી અને અકસ્માત થાય છે." અંધારામાં ખાડા અને ઊબડખાબડ રસ્તાઓ દેખાતા ન હોવાથી અકસ્માત થવાની શક્યતા અનેકગણી વધી જાય છે. આ પરિસ્થિતિમાં, તંત્ર દ્વારા સત્વરે રોડનું સમારકામ કરવામાં આવે અને સ્ટ્રીટલાઈટની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાંઆવે તેઅત્યંત આવશ્યક છે જેથી નાગરિકોની સલામતી જળવાઈ રહે.

### એક બાકી હપ્તા માટે ૯.૨૦ લાખની પેનલ્ટી માગી

# ચાંદલોડિયામાં વ્યાજખોરના ત્રાસથી કંટાળી યુવકે જીવન ટુંકાવવા પ્રયાસ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના ગોતામાં રહેતા એક સિનિયર સિટીઝનને વ્યાજખોર પાસેથી પાંચ ટકાના વ્યાજે નાણાં લેવાના બદલામાં ભારે ત્રાસ સહન કરવાનો વારો આવ્યો હતો. જેમાં ત્રણ લાખ રૂપિયા વ્યાજે આપીને વ્યાજખોરે મકાનના બાનાખત દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધા હતા. ત્યારબાદ નાણાં પરત મેળવ્યા બાદ પણ ચુકી ગયેલા એક હપ્તાના બદલામાં પેનલ્ટી સહિત ૯.૨૦ લાખની માંગણી કરી હતી અને મકાન પચાવી પાડવાની ધમકી આપી હતી. જેથી માનસિક હતાશામાં આવીને સિનિયર સિટીઝનના પુત્રએ દવાઓ ગળીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સોલા પોલીસે આ અંગે વ્યાજખોર વિરૂદ્ધ ફરિયાદ નોંધીને કાર્યવાહી કરી છે. આ સમગ્ર બનાવની વિગતો એવી છે કે ગોતામાં આવેલા ગોપીનાથનગરમાં રહેતા ૬૦ વર્ષીય ભીખાભાઈ પરમારે તેમનો પૌત્ર બિમાર હોવાથી અને બેંકમાં હપતોભરવાનો બાકી હોવાથી ચાંદલોડિયામાં આવેલા અદીતી ટેનામેન્ટમાં રહેતા વિપુલ પંચાલને મળ્યા હતા અને તેમની પાસેથી પચાસ હજાર રૂપિયા પાંચ ટકા વ્યાજે લીધા હતા. જેના બદલામાં તેણે પ્રોમીસરી નોટ અને સહી કરાવેલા ચેક લઈ લીધા હતા. ભીખાભાઈ પ્રતિમાસ ૨૫૦૦નો હપ્તો ચુકવી આપતા હતા. બીજી તરફ તેમના અન્ય એક મકાનના હપતા ચઢી જતા તેમણે વિપુલ પંચાલ પાસેથી ત્રણ લાખ રૂપિયા પાંચ ટકા વ્યાજે લીધા હતા. જેના બદલામાં તેણે મકાનનો દસ્તાવેજ બાનાખત પોતાના નામે કરાવી લીધો હતો. આ બાનાખતમાં તેમણે ૯.૨૦ લાખની રકમ લખી હતી. બીજી તરફ ભીખાભાઈ નિયમિત રીતે ૧૭,૫૦૦નો હપતો નિયમિત ચુકવતા હતા. પરંતુ, એક મકાન વેચાણ કરીને તેમણે નાણાં પરત કરવાનું નક્કી કર્યું હતું અને વ્યાજ સહિત ૩.૭૦ લાખ ચુકવી આપ્યા હતા. તેમ છતાય, વિપુલે ૯.૨૦ લાખ પેનલ્ટી અને વ્યાજ સહિત માંગ્યા હતા અને બાનાખત રદ કરવાની ના કહી હતી. જેથી માનસિક દબાણમાં આવીને ભીખાભાઈના પુત્રએ ગોળીઓ ગળીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જો કે સદનસીબે તેમને સમયસર સારવાર મળતા બચાવ થયો હતો. આ સમગ્ર મામલે સોલા પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

### કોઝવે પર પાણી ફરી વળતા બાઈકચાલક તણાયો

# સુરતના ઉમરપાડામાં બે કલાકમાં પાંચ ઈંચ વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ઉમરપાડા તાલુકામાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી છે, જ્યાં માત્ર બે કલાકના ટૂંકા ગાળામાં પાંચ ઈંચ જેટલો અનરાધાર વરસાદ ખાબક્યો છે. આ ભારે વરસાદને કારણે ઉમરપાડા-ઉચવણ કોઝવે પર પાણી ફરી વળ્યા હતા.

કોઝવે પર પાણીનું સ્તર અચાનક વધી જવાથી એક બાઈકચાલક પાણીના પ્રવાહમાં તણાઈ ગયો હતો. આ બાઈકચાલક લાકડા લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી.

કોઝવે પર પાણીના તેજ પ્રવાહમાં તણાઈ રહેલા બાઈકચાલકને જોઈને સ્થાનિક લોકો તુરંત તેની મદદે દોડી આવ્યા હતા. સ્થાનિકોની સમયસૂચકતા અને બહાદુરીના કારણે બાઈકચાલકનો જીવ બચાવી શકાયો હતો.

આ ઘટના ફરી એકવાર દર્શાવે છે કે, ચોમાસા દરમિયાન કોઝવે અને નીચાણવાળા વિસ્તારોમાં સાવચેતી રાખવી કેટલી જરૂરી છે. સ્થાનિકોએ જીવના જોખમે પણ બાઈકચાલકને બચાવીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ પ્રકારની ઘટનાઓ દર્શાવે છે કે વરસાદના સમયે નદીઓ અને કોઝવે પર પાણીનું સ્તર ઝડપથી વધી શકે છે. વહીવટી તંત્રએ આવા સંવેદનશીલ વિસ્તારોમાં લોકોને ચેતવણી આપવા અને જરૂરી સાવચેતીના પગલાં લેવા માટે વધુ જાગૃત રહેવાની જરૂર છે. ભારે વરસાદના કારણે રસ્તાઓ પર ભરાયેલા પાણી અને કોઝવે પરની પરિસ્થિતિ વિશે ત્વરિત માહિતી આપવી જોઈએ જેથી લોકોને હાલાકી અને જીવનું જોખમ ન રહે.

### હાઈકોર્ટમાં ફરી જામીન અરજી પર સુનાવણી ન થઈ

# AAPના ધારાસભ્ય ચૈતર વસાવાની મુશ્કેલી વધી

### હાઈકોર્ટના વકીલોની હડતાળ યથાવત રહેતા વકીલો કામથી અળગા રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

દેડિયાપાડાના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા પર ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા સાથે થયેલી ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો આરોપ લગાવવામાં આવ્યો હતો. આ મામલે ફરિયાદ બાદ ચૈતર વસાવાની પાંચમી જુલાઈએ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારથી તે જેલમાં બંધ છે. ત્યારે ફરી ચૈતરની મુશ્કેલીમાં વધારો થયો છે. કારણ કે, આજે (૨૮મી ઓગસ્ટ) હાઈકોર્ટમાં જામીન અરજી પર સુનાવણી હાથ ધરાવાની હતી. પરંતુ તે થઈ શકી નહોતી. મળતી માહિતી અનુસાર, ગુજરાત હાઈકોર્ટમાં ગુરૂવારે (૨૮મી ઓગસ્ટઃ ચૈતર વસાવાની જામીન અરજી પર સુનાવણી થવાની હતી. પરંતુ હાઈકોર્ટના વકીલોની હડતાળ યથાવત રહેતા વકીલો કામથી અળગા રહેશે. જેના કારણે આજે ચૈતર વસાવાની જામીન અરજી પર સુનાવણી થશે નહીં.નર્મદા જિલ્લાના દેડિયાપાડા ખાતે AAPના ધારાસભ્ય ચૈતર વસાવા અને ભાજપ શાસિત તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવા વચ્ચે પાંચમી જુલાઈના રોજ ઉગ્ર બોલાચાલી બાદ મારામારીનો બનાવ બન્યો હતો. આ ઘટના ATVT (આદિજાતિ વિકાસ કચેરી)ની સંકલન બેઠક દરમિયાન બની હતી. આ મામલે તાલુકા પંચાયતના પ્રમુખ સંજય વસાવાએ પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ ચૈતર વસાવાની ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન પોલીસ અને ચૈતર વસાવાના સમર્થકો વચ્ચે ઘર્ષણ પણ સર્જાયું હતું.

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં LC લેવા માટે ૧૦૦થી વધુ અરજીઓ મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યાના ચકચારી કિસ્સા બાદ વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ઘટનાને પગલે છેલ્લા ત્રણ દિવસમાં ૧૦૦થી વધુ વાલીઓએ પોતાના બાળકોનું સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ (LC) કઢાવવા માટે અરજી કરી છે. વાલીઓની મુખ્ય ચિંતા તેમના બાળકોની સુરક્ષા અને તેમના શિક્ષણની છે. આ સંવેદનશીલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) રોહિત ચૌધરીએ એક મહત્વનો નિર્ણય લીધો છે. તેમણે વિદ્યાર્થીઓનું ભણતર ખોરવાય નહીં તે માટે એક વચગાળાનું આયોજન કર્યું છે. DEO કચેરીના ચાર અધિકારીઓની એક ખાસ ટીમની રચના કરવામાં આવી છે અને તેમને સ્કૂલમાં જ તૈનાત કરવામાં આવ્યા છે. આ ટીમનું મુખ્ય કાર્ય વાલીઓના પ્રશ્નોનું નિરાકરણ કરવાનું અને જે વાલીઓ પોતાના બાળકોનો પ્રવેશ રદ કરાવીને અન્ય કોઈ સ્કૂલમાં દાખલ કરવા ઈચ્છે છે, તેમને જરૂરી માર્ગદર્શન અને મદદ પૂરી પાડવાનું છે. આ પગલાંથી વાલીઓને સરળતાથી LC મળી રહે અને તેમના બાળકોના ભવિષ્ય પર કોઈ નકારાત્મક અસર ન પડે તેની ખાતરી આપવામાં આવી છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, હાલમાં સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ (LC) વિના પણ વિદ્યાર્થીઓને અન્ય શાળાઓમાં પ્રોવિઝનલ એડમિશન આપીને તેમનો અભ્યાસ શરૂ કરાવી દેવામાં આવશે. DEO દ્વારા મણિનગર અને તેની આસપાસની શાળાઓને આ અંગે સૂચના પણ આપવામાં આવી છે કે તેઓ સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીઓને સરળતાથી પ્રવેશ આપે.

વાલીઓ હવે સીધા DEO કચેરીના અધિકારીઓનો સંપર્ક કરીને તેમના બાળકનું એડમિશન સેવન્થ ડે સ્કૂલમાંથી કઢાવીને અન્ય સ્કૂલમાં મેળવી શકશે. આ પગલાંથી વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે નહીં તેની ખાતરી કરવામાં આવી છે.

### એમ.એસ. યુનિ.ના વિજ્ઞાનીઓએ કરી કમાલ

# વપરાયેલા ખાદ્ય તેલમાંથી બાયો ડિઝલ બનાવતું પોર્ટેબલ ડિવાઈસ તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

સરકારે હવે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનું વેચાણ શરૂ કરી દીધું છે. આ જ રીતે ૨૦૩૦ સુધીમાં ડિઝલમાં પણ પાંચ ટકા બાયો ફ્યુઅલ ભેળવવાનું લક્ષ્યાંક મૂકયું છે, જેને ધ્યાનમાં રાખીને એમ. એસ. યુનિવર્સિટીના મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગના સંશોધકોએ બાયો ડિઝલ બનાવી શકે તેવું પોર્ટેબલ પ્રોડકશન યુનિટ વિકસાવવામાં સફળતા મળી છે. આ યુનિટ થકી રસોઈ બનાવ્યા બાદ ફેંકી દેવાતા ખાદ્ય તેલમાંથી સરળતાથી બાયો ડિઝલ બનાવી શકાય છે.

વિભાગના પ્રોફેસર ડૉ. મેહુલ બાંભણિયા કહે છે કે, ખાદ્ય તેલનો એક જ વખત કોઈ વસ્તુ તળવા માટે ઉપયોગ કરવો જોઈએ. આપણા ઘરોમાં કે પછી રેસ્ટોરા અને હોટલોમાં ઉપયોગમાં લેવાયેલુ ખાદ્ય તેલ મોટાભાગે સાબુ બનાવતી કંપનીઓને વેચી દેવામાં આવે છે.

લારીઓની વાત અલગ છે, જ્યાં વારંવાર આવું તેલ ઉપયોગમાં લેવાતું હોય છે. તેને બાદ કરીએ તો પણ દેશમાં દર મહિને લાખો ટન ખાદ્ય તેલ વેસ્ટમાં જાય છે.આ જ તેલનો ઉપયોગ કરીને અમે કેવિટેશન ટેકનોલોજીનો ઉપયોગ કરીને બાયોડિઝલ બનાવતું યુનિટ વિકસાવ્યું છે. કેવિટેશન ટેકનોલોજીમાં મિથેનોલને ખાદ્ય તેલમાં ઉમેરીને યુનિટમાં દાખલ કરવામાં આવે છે. અત્યંત ઊંચા દબાણ સાથે તેમાં ખાદ્ય તેલ પ્રોસેસ થતું હોવાથી ૧૫થી ૨૦ મિનિટમા ખાદ્ય તેલમાંથી બાયો ડિઝલ છૂટું પડી જાય છે. પોર્ટેબલ યુનિટ નાનું હોવાથી રેસ્ટોરા, ધાબા કે હોટલ પોતાના સ્થળ પર જ બાયોડિઝલ બનાવી શકે છે. આ ટેકનિકમાં બાયોડિઝલ બનાવવા માટે પ્રતિ લીટર ૬૦ થી ૭૦ રૂપિયાનો ખર્ચ થાય છે. જેમાં વપરાયેલા તેલને ખરીદવાની કિંમતનો પણ સમાવેશ થાય છે. તેને ડિઝલમાં ભેળવવામાં આવે તો ડિઝલની કિંમતમાં પ્રતિ લિટર ૧૦ રુપિયા સુધી ઘટાડવી શક્ય છે. ગ્રામ્ય વિસ્તાર માટે આ યુનિટ ખૂબ જ ઉપયોગી છે. તેમાંથી બનેલા બાયો ડિઝલથી ટ્રેકટરમાં કે પછી ખેતરમાં પાણી છોડવા અથવા કૂવામાંથી પાણી કાઢવા માટેના પંપમાં નાંખીને અખતરો કર્યો છે અને તેમાં સફળતા પણ મળી છે. પંપમાં તો ૫૦ ટકા સુધી બાયો ડિઝલ ભેળવ્યું હોવા છતા પંપ સરસ રીતે ચાલે છે.

આ યુનિટથી કપાસિયા, સિંગતેલ એમ કોઈ પણ પ્રકારના ખાદ્ય તેલમાંથી બાયો ડિઝલ બનાવી શકાય છે.

વપરાયેલા ખાદ્ય તેલમાંથી બનતા બાયોડિઝલની ટકાવારી ૯૦ થી ૯૫ ટકા છે. મતલબ કે ૧૦ લીટર ખાદ્ય તેલમાંથી ૯ થી ૯.૫ લિટર જેટલું બાયો ડિઝલ બની શકે છે. વધેલું તેલ ગ્લિસરોલ તરીકે ઓળખાય છે.

ડૉ. બાંભાણિયાએ મિકેનિકલ એન્જિનયિરિંગ વિભાગના પ્રોફેસર ડૉ. નિકુલ પટેલની મદદથી ડિઝલ એન્જિન પર આ બાયો ડિઝલનું પરિક્ષણ કર્યું હતું અને તેમનું કહેવું છે કે, ડિઝલમાં ૨૦ ટકા સુધી બાયોડિઝલ ભેળવવાથી કોઈ જાતની પ્રતિકૂળ અસર એન્જિન પર જોવા મળી નથી. એક અંદાજ અનુસાર, વડોદરા શહેરમાં જ હોટલ, રેસ્ટોરન્ટ, કેટરિંગ ઈન્ડસ્ટ્રી તથા ઘરોમાંથી રોજ ૨૦થી ૩૦ ટન વપરાયેલુ ખાદ્ય તેલ નીકળે છે. આમ વડોદરામાંથી જ દર વર્ષે ૧૦ હજાર ટન જેટલું વપરાયેલું ખાદ્ય તેલ ઉપલબ્ધ થઈ શકે છે. આખા દેશની વાત કરવામાં આવે તો આ આંકડો લાખો ટનમાં થવા જાય છે.

### ૬ વર્ષ બાદ આંધ્રપ્રદેશથી પકડાયો નરાધમ

# સુરતમાંથી નેપાળી સગીરાનું અપહરણ, હૈદરાબાદમાં બે મહિના સુધી પીંખી!

### દીકરી તકનો લાભ લઈ આરોપી સૈયદ બાશાના કબજામાંથી છટકી ફરી સુરત પરત આવી હતી અને ફરિયાદ નોંધાવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

વર્ષ ૨૦૧૯માં નેપાળી બાળકીના કિડનેપિંગ એન્ડ રેપના ચર્ચાસ્પદ કેસનો આરોપી આખરે ૬ વર્ષ બાદ છેક, આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લામાંથી પકડાયો છે. આ આરોપી સૈયદ બાશા ઉર્ફે અમન કાદર (ઉ.વ. ૩૫)એ સુરતમાં કતારગામ વિસ્તારમાં રહેતી નેપાળી પરિવારની સગીર દીકરીને લલચાવી અપહરણ કરી તેની સાથે હૈદરાબાદ લઈ ગયો હતો અને વારંવાર દુષ્કર્મ આચર્યું હતું, જે છેલ્લા છ વર્ષથી કાયદાની પકડથી દૂર રહેતો હતો. જોકે હવે ૬ વર્ષ બાદ સુરત ક્રાઈમ બ્રાન્ચે તેને પકડી પાડતા હવે નેપાળી પરિવારને ન્યાય મળશે.

ઓગસ્ટ ૨૦૧૯માં સૈયદ બાશા કતારગામની આંબાતલાવડી પાસે આવેલી સબ-વે નાસ્તાની દુકાન પર કામ કરતો હતો. આ દરમિયાન તેની ઓળખ આ નેપાળી પરિવારની સગીર દીકરી સાથે થઈ હતી. જે બાદે તેને વિશ્વાસમાં લઈ, લલચાવી ફોસલાવીને તેણે દીકરીનું ફોર વ્હિલર ગાડીમાં અપહરણ કર્યું અને તેને હૈદરાબાદ લઈ ગયો હતો. ત્યાં લગભગ બે મહિના સુધી જુદા જુદા સ્થળોએ લઈ જઈ પીડિતાની સાથે દુષ્કર્મ આચરતો રહ્યો હતો.

અંતે દીકરી તકનો લાભ લઈ આરોપીના કબજામાંથી છટકી ફરી સુરત પરત આવી હતી અને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જોકે પોલીસે તપાસ કરતા આરોપી સૈયદ બાશા સુરતમાંથી ફરાર થઈ ગયો હતો અને છેલ્લા ૬ વર્ષ સુધી આમ ભટકતો રહ્યો હતો. ત્યારે હાલમાં તે પોતાના વતન હૈદરાબાદમાં અનંતપુર જિલ્લાના કદિરી ગામે છુપાયો હોવાનું જાણવા મળતા પોલીસને ટેક્નિકલ તથા હ્યુમન ઈન્ટેલિજન્સ માધ્યમથી ચોક્કસ માહિતી મળીને ક્રાઈમ બ્રાન્ચની એક ટીમે ત્યાં મોકલી રેડ પાડીને તેને પોતાના ઘરેથી જ ઝડપી લીધો છે.

આ મામલે કતારગામ ફર્સ્ટ પોલીસ સ્ટેશનમાં IPC કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(N), ૩૭૬(૨) સાથે POCSO એક્ટ ૨૦૧૨ની કલમ ૪, ૫(L), ૬ હેઠળ નોંધાયેલા ગુનામાં ૬ વર્ષથી ફરાર આરોપીને છેક હૈદરાબાદથી પકડી પાડ્યો છે. જેનું નામ સૈયદ બાશા ઉર્ફે અમન ઉર્ફે જાવેદ અમન અને ઉંમર ૩૫ વર્ષની છે. જે ગુના સમયે, સુરતના કતારગામ વિસ્તારમાં સબ-વે ફાસ્ટ ફુડ દુકાનની પાસેની અંકુર સ્કૂલ પાસે રહેતો હતો. જે મૂળ આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લાના કદિરી તાલુકાનો વતની છે. ત્યારે ૬ વર્ષ બાદ સુરત નેપાળી પરિવારને ફરી એકવાર ન્યાયની આશા જાગી છે.